

[ જુલાઈ : ૧૯૮૨ * આત્મધર્મ * ( ૪૬૫ ) અંક : ૧ વર્ષ : ૩૯ ]

ચલો સોનગઢ.... ચલો સોનગઢ.... ચલો સોનગઢ....

# * સોનગઢમાં ત્રણ ભવ્ય સમારોહ *

## ૬૯ મો જન્મજયંતી મહોત્સવ ❋ શતાબ્દિ સમારોહ ❋ શિક્ષણ શિબિર

[ વાત્સલ્યપ્રેમી દાતાઓ માટે સ્વામીવાત્સલ્યભોજનનો લાભ લેવાની અનેરી તક ]

ઘણાં વર્ષો પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું હતું કે 'સમ્યગ્દૃષ્ટિ બળદની ખરી જે વિષ્ટા ઉપર પડે તે વિષ્ટા પણ ધન્ય છે!' સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ કે જેનાથી કોઈ ઉપર ઉપકાર થવાનો નથી તેની ખરીની નીચેની-માત્ર ધૂળને નહિ પણ-વિષ્ટાને પણ ધન્ય કહી! કેવું અર્થગંભીર ટૂંકુ વાક્ય! આવા ટૂંકા પણ અર્થગંભીર વાક્ય વડે પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યગ્દર્શનનો અને સમ્યગ્દર્શનધારી ધર્માત્માઓનો અપાર માહાત્મ્ય આપણને સમજાવ્યો છે. આપણા સૌના મહાન પુણ્યોદયે વર્તમાનમાં એવા સમ્યગ્દર્શન-ધારી ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સોનગઢમાં બિરાજી રહ્યા છે. તેઓશ્રીની ૬૯ મી જન્મજયંતી શ્રાવણ સુદ ૧૩ થી શ્રાવણ વદ બીજ—એમ પાંચ દિવસ સુધી ખૂબ હર્ષોલ્લાસ પૂર્વક ભક્તિભાવે ઉજવવામાં આવશે. વર્તમાન કાળે અત્યંત દુર્લભ એવા સાક્ષાત્ ધર્માત્માના દર્શનનો તેમ જ જન્મજયંતી મહોત્સવ ઉજવવાનો અપૂર્વ લાભ લેવા સમસ્ત મુમુક્ષુભાઈ-બહેનોને સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. તદુપરાંત શ્રાવણ વદ એકમના રોજ આપણી સંસ્થાના સ્થાપક માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના ૧૦૦ માં વર્ષમાં પ્રવેશનો શતાબ્દિ સમારોહ ઉજવવામાં આવશે. શ્રાવણ વદ બીજ પહેલાંના ૧૦ દિવસ માટે તા. ૨૮-૭-૮૨ થી તા. ૬-૮-૮૨ સુધી દર વર્ષની માફક આધ્યાત્મિક શિક્ષણ-શિબિરનું આયોજન કરવામાં આવશે. આ ત્રણે ભવ્ય સમારોહના દસ દિવસ માટે સ્વામી-વાત્સલ્યભોજનની એક સ્કીમ જાહેર કરવામાં આવી છે, તે મુજબ ૬૯ મી જન્મજયંતી દિનના પ્રત્યેક ટંકના રૂપિયા પાંચ હજાર (બે ટંકના રૂપિયા દસ હજાર) તથા બાકીના બધા દિવસો માટે પ્રત્યેક ટંકના રૂા. બે હજાર આપનાર વાત્સલ્યપ્રેમી દાતાર તરફથી મહેમાનોને જમણ આપવામાં આવશે તથા રૂા. પાંચસો આપનાર દાતાર તરફથી મહેમાનોને સવારે ચા-નાસ્તો આપવામાં આવશે. આ સ્કીમ મુજબ સ્વામી વાત્સલ્યભોજનનો લાભ લેવાની ભાવનાવાળા કેટલાક દાતાઓ તરફથી જન્મજયંતી દિનના બન્ને ટંકના તથા બીજા કેટલાક ટંકના નામો નોંધાઈ ગયા છે. સ્વામીવાત્સલ્યભોજન-સ્કીમનો લાભ લેવા ઇચ્છનાર દાતાઓએ તુરત સંસ્થા ઉપર લખવું. આ વાત્સલ્યપ્રેમી દાતાઓના નામો આમંત્રણ-પત્રિકામાં તેમ જ આત્મધર્મમાં જાહેર કરવામાં આવશે. 'વહેલો તે પહેલો'—એ ધોરણે નામ નોંધવામાં આવતા હોવાથી તથા સ્વામીવાત્સલ્યભોજનના ટંક થોડા ને વાત્સલ્યપ્રેમી દાતાઓ વધારે હોવાથી આપ સત્વરે આપની ભાવનાની સંસ્થાને જાણ કરશોજી.

* * *

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૧
[ ૪૬૫ ]




વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
JULY

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

## * તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે *

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ–પુરને ધન્ય છે, એ માતકુળ જ વન્દ્ય છે;
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.
તારી મતિ તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે,
આદર્શ સાધુ તું થયો, વૈરાગ્ય વચનાતીત છે;
વૈરાગ્યમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ દેવના દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું ?
અનુભવમહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે,
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે?
તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના,
એ નામ 'સોહં' નામનું, ભાષા પરાં જ્યાં કામ ના.
અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે,
નિજ દેહ-અણુ અણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે;
અધ્યાત્મમાં તન્મય બની, અધ્યાત્મને ફેલાવતો.
કાયા અને વાણી-હૃદય, અધ્યાત્મમાં રેલાવતો.
જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ ત્યાં આનંદના ઊભરા વહે,
છાયા છવાયે શાન્તિની તું શાન્તમૂર્તે! જ્યાં રહે;
અધ્યાત્મમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા, ગુણ તારા શું કથું ?

—o—

# ભવપાર થવાનું કારણ : એકમાત્ર શુદ્ધાત્માનો અનુભવ

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૧-૬-૬૬ ]

આ યોગસાર છે. યોગસાર એટલે આત્માના મોક્ષનો ઉપાય. તેમાં સાર શું તે બતાવે છે:—

ષટ્ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ,
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫.

જિનેન્દ્ર પરમેશ્વરે છ દ્રવ્ય, નવ પદાર્થ ને સાત તત્ત્વ કહ્યાં છે; સર્વજ્ઞ પરમેશ્વર કે જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન પ્રકાશમાન થયું છે એવા ભગવાને તેને વ્યવહારે કહ્યાં છે. પણ વ્યવહારે કહ્યાં એટલે? કે આત્માથી ભિન્ન અને ભેદરૂપ તત્ત્વ છે. તેથી તેને વ્યવહારે નવતત્ત્વ આદિ કહેવામાં આવ્યા છે. આત્મા નિશ્ચયથી તો અખંડ અભેદ આનંદની મૂર્તિ છે. તેનો આશ્રય કરવો ને તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે, તે નિશ્ચય છે. પણ નિશ્ચયમાં જેનો નિષેધ થાય છે તે ચીજ શું છે? નિશ્ચયથી તો આત્મા અનંત ગુણનો પિંડ શુદ્ધ એકરૂપ વસ્તુ છે. તે નિશ્ચય કે જેના આશ્રયથી આત્માનો સાક્ષાત્કાર થાય. પણ જ્યારે નિશ્ચય આમ છે ત્યારે બીજો વ્યવહાર છે કે નહીં? સાત તત્વ નવ પદાર્થો અને છ દ્રવ્યો છે, છ પ્રકારના દ્રવ્યો છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ તથા અનંતા પુદ્ગલ પરમાણુ અને અનંતા જીવ તે બધા એક સ્વરૂપના નિશ્ચયની અપેક્ષાએ ભેદરૂપ અથવા અનેકરૂપ થયા માટે તેને વીતરાગે વ્યવહાર કહ્યો છે.

ભગવાને છ દ્રવ્ય, નવ તત્ત્વ, સાત પદાર્થ આદિ વ્યવહારે કહ્યાં છે. વ્યવહારે કહ્યાંનો અર્થ? એકરૂપમાંથી ભેદરૂપ અને એકરૂપમાંથી અન્યરૂપ જે છે તેને ભગવાને વ્યવહાર કહ્યો છે, તે વ્યવહાર ન જાણે તેને નિશ્ચય હોય નહીં. નિશ્ચય અભેદરૂપ છે ત્યારે ભેદરૂપ શું છે? ચૈતન્યથી અન્યરૂપ શું છે? આત્મા શુદ્ધ અભેદ છે ત્યારે તેમાં પુણ્ય-પાપનો આસ્રવભાવ, બંધભાવ એ આત્માથી વિપરીતરૂપ ભાવ અન્ય છે. તેનું પણ જ્ઞાન કરવું જોઈએ ને આત્માના અભેદ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય થાય તે પણ એક સમયની ભેદરૂપ છે. તે ભેદ વીતરાગે કહ્યાં છે. તેને જાણવા જોઈએ. અહીં જાણવાની વાત છે. સચ્ચિદાનંદ સ્વરૂપ અનંત અનંત ગુણોનું એકરૂપ એવો જે આત્મા તે નિશ્ચય છે. ત્યારે વ્યવહાર કહ્યો તે કેવો છે? છ દ્રવ્ય, નવ પદાર્થ, સાતતત્ત્વ જિને કહ્યાં તે બરાબર જાણવા જોઈએ.

તેને જાણવા તે વ્યવહાર છે. સ્વને જાણવું તે નિશ્ચય છે. તો વ્યવહાર છે કે નહીં? અને તેનું જ્ઞાન હોવું જોઈએ કે નહીં? પ્રયત્નપૂર્વક હોવું જોઈએ કે નહીં? તેમ પ્રશ્ન છે.

સમાધાન:—પ્રયત્નપૂર્વક જાણવું યોગ્ય છે. છ દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ આકાશ અને કાળ ચાર અરૂપી છે, પુદ્ગલ રૂપી છે ને જીવ અરૂપી છે. તે બધાને જેમ છે તેમ એટલે કે તેના દ્રવ્ય, તેની શક્તિ ને તેની અવસ્થાઓ જેમ છે તેમ વ્યવહારે જાણવી જોઈએ. જ્યારે છ દ્રવ્ય કહ્યાં ત્યારે એનો અર્થ એમ થયો કે છએ દ્રવ્ય ભિન્ન ભિન્ન છે, તો છ દ્રવ્યની પર્યાય પણ સ્વતંત્ર પોતાથી થાય છે. તેમ જે જાણવું તેનું નામ વ્યવહાર જ્ઞાન છે, વ્યવહાર છે.

અહીંયા વાત એમ કહેવી છે કે જગતમાં છ દ્રવ્યો છે, એટલું જો વ્યવહારે ન જાણે તો તેનો આત્મા નિશ્ચય અભેદ એકાકાર છે તેમાં શી રીતે આવશે? અહીં પર્યાય છે તે ભેદ છે ને છ દ્રવ્યો અન્ય છે પણ એટલો જે વ્યવહાર છે તેને જો ન જાણે તો તેનો નિષેધ કરીને અભેદમાં શી રીતે આવશે? નવના ભેદરૂપ કથન છે તે વ્યવહાર છે. નવ છે માટે નિશ્ચય છે તેમ નહીં. નવમાં જીવ કેવો છે? અજીવ કેવો છે? દયા-દાન વ્રતાદિના પરિણામ પુણ્ય છે. હિંસાદિના પરિણામ પાપ છે તે બન્ને આસ્રવ છે. વસ્તુ તેમાં અટકે માટે ભાવબંધ કહે છે. આત્મા આસ્રવ ને બંધમાંથી નીકળી સ્વભાવ તરફ જતાં જે શુદ્ધ સંવર, નિર્જરા—શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિને શુદ્ધિની પૂર્ણતા તે બધી પર્યાયો નવતત્વમાં વ્યવહાર તરીકે આવે છે. નવ છે તે નિશ્ચય નથી એટલે કે નથી તેમ નહીં, પણ છે, પણ તે ભેદરૂપ છે, અન્યરૂપ છે. માટે તેને ભગવાને વ્યવહાર કહ્યો છે. બધી દશાઓ વ્યવહારમાં જાય છે. ૧૪ ગુણસ્થાન પણ વ્યવહારમાં જાય છે. એક સમયની પર્યાય પર્યાય છે કે નહીં? અભેદ નિશ્ચયમાં પર્યાય પણ ન આવી. ત્યાં તો નિશ્ચય સ્વરૂપે ભગવાન આત્મા એકરૂપ છે તે આવ્યો. વ્યવહાર તરીકે તેની અવસ્થાઓના પ્રકાર-નિર્મળ-મલિન અવસ્થાના પ્રકાર અને અન્ય દ્રવ્યના પ્રકાર તે બધાને પ્રયત્નથી બરાબર જાણવા જોઈએ. આદરવાની વાતનો અહીં પ્રશ્ન નથી. જ્ઞાન કરવા લાયક છે એટલી વાત છે. વ્યવહારનયના વિષયનું જ્ઞાન કરવા લાયક છે કે નહીં? જાણવું તો જોઈએ ને કે આ ભગવાન આત્મા એકરૂપ અભેદ છે તો તેમાં સંવર, નિર્જરા ને મોક્ષની દશા—નિર્મળ દશા અને અને આસ્રવ, બંધ ને પુણ્ય-પાપ ભેદ છે તે મલિન છે, તેને જાણવા જોઈએ. તેવી રીતે બીજા અનંત આત્માઓ, કર્મ આદિ પર છે ને? તો પરનું જ્ઞાન કરવું જોઈશે.

પ્રયોજન સિદ્ધ કરવા માટે આત્મા અભેદ છે તે નિશ્ચય છે, અને બધા ભેદો તેને વીતરાગે વ્યવહાર કહ્યો છે. તો તેને જાણવો જોઈએ. છ દ્રવ્યો, નવ પદાર્થો વ્યવહાર છે

કેમકે તેમાં નિશ્ચય તો એકરૂપ આત્મા કાઢવો તે છે. જીવ, અજીવ, પુણ્ય–પાપ આદિ નવ પદાર્થો ભગવાને કહ્યા તે વ્યવહાર છે. તેમાંથી એકરૂપ આત્માનો આશ્રય કરવો તે નિશ્ચય છે.

યોગસાર છે ને! આત્મા સ્વભાવે એકરૂપ, અખંડ, અભેદ છે, તેનો આશ્રય કરવો તે નિશ્ચય વસ્તુ છે પ્રયોજન સિદ્ધ થવામાં; પણ તે સિદ્ધ થયું ત્યારે નિષેધ કરવા લાયક કોઈ બીજી ચીજનું જ્ઞાન કર્યું છે કે નહીં? સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્યનું જ્ઞાન તેને ભગવાને વ્યવહાર કહ્યો છે. વીતરાગ પરમેશ્વરે કહેલા છ દ્રવ્ય આદિ અન્યમાં ક્યાંય હોતા નથી. તે છ દ્રવ્ય અને છ દ્રવ્યને જાણનારી જ્ઞાનની એક સમયની પર્યાય—એવું અન્ય દર્શનમાં ક્યાંય હોતું નથી અને છતાં એક સમયમાં છ દ્રવ્ય જણાય તે છ દ્રવ્યનો નિષેધ ને એક સમયની પર્યાય જાણે તેનો નિષેધ! આહાહા! એક સમયમાં અભેદ પૂર્ણાનંદનો આશ્રય તે નિશ્ચય છે ને વ્યવહારનું જ્ઞાન કરવા લાયક છે. નવ તત્ત્વ આદિનું જ્ઞાન કરવા લાયક છે પણ આશ્રય કરવા લાયક નથી, પણ એને જાણવા લાયક છે.

ત્રણ લોકના નાથ ભગવાન જગતમાં છે, દેવ–શાસ્ત્ર–ગુરુ જગતમાં છે, તેનું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે. નિશ્ચયમાં તો સ્વચૈતન્યમૂર્તિ ભગવાન અખંડાનંદ પ્રભુ પૂરણ શુદ્ધ છે, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બહુ ન્યાયથી વાત મૂકેલ છે. હવે કહે છે કે—

શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર,
જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬.

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કહે છે કે હે જીવ! પુદ્‌ગલાદિક પાંચે દ્રવ્ય–પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ તે બધા અચેતન છે. શરીર, વાણી, કર્મ બધું જડ અચેતન છે, તેમાં ચેતનભાવ નથી. ચેતનભાવ સર્વજ્ઞપ્રભુ આત્મામાં છે. એક ભગવાન આત્મા સચેતન છે. સર્વજ્ઞસ્વભાવી આત્મામાં ચેતનભાવ છે. પહેલાં, વ્યવહારનું જ્ઞાન કરાવ્યું પણ હવે જેમાં ચેતનપણું ભર્યું છે, એટલે કે જેમાં જ્ઞસ્વભાવ–સર્વજ્ઞસ્વભાવ ભર્યો છે, તે એક જ આ આત્મા છે તેમ કહે છે. બધાં છે તેને જાણનારી જ્ઞાનની પર્યાય છે. પણ આખો આત્મા કે જેમાં સર્વજ્ઞપદ પડયું છે તેને જાણવાની તાકાત જ્ઞાનમાં છે, જાણનારી જ્ઞાનની દશા છે. પણ એવી અનંતી જ્ઞાનદશાઓનો ચેતનપિંડ એકલો આત્મા છે. તે સચેતન સર્વજ્ઞ આત્મા છે તેને તું આત્મા જાણ. બીજા સર્વે જે છે તે અચેતન અને સચેતન છે. બીજા આત્માઓ ભલે સચેતન હો પણ તારા માટે સચેતન નથી. તારા સિવાયના બધા ચેતન આ આત્મામાં ક્યાંય નથી. બીજા પાંચ દ્રવ્યમાં જ્ઞાન નથી અને બધાનું જેને જ્ઞાન છે, તેવો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે, તે એક પરમ પદાર્થ ભગવાન આત્મા સાર છે, સ્વરૂપની એકતા કરવી તે યોગસાર છે. ભગવાન આત્માનો ચેતન સ્વભાવ તે તેનો સાર છે. આ તો મુનિઓની મસ્તીની વાત છે. જાણનાર,

જાણનાર, જાણનાર તે એક સાર છે. તેને જાણ તો તારું કલ્યાણ થશે, તે સિવાય તારું કલ્યાણ નહીં થાય. જાણ એટલે અનુભવ કર. તેને જાણીને અલ્પકાળમાં મુનિઓ, સંતો, ભવનો પાર પામી જાય છે. સંસારનો અંત લાવવાનો ઉપાય ભગવાન આત્માનો અંતર્મુખ અનુભવ કરવો તે જ છે. તેથી એમ પણ આવ્યું કે વચ્ચે દયા-દાન આદિ વિકલ્પો આવે તે મુક્તિનો ઉપાય નથી.

**પ્રશ્ન:**—નજરે દેખાય તો સાચું મનાય ને?

**સમાધાન:**—શી રીતે દેખવું? આંખ ઉઘાડે તો દેખાયને? જેમ ઓરડામાં એક જ બારણું હોય, તેમાં ભાઈ સાહેબે ત્રણ ગોદડા ઓઢયા હોય અને આંખે ચિપડા વળ્યા હોય, તેને કહે કે જો આ સોનાના નળીયા થયા—સૂર્ય દેખાય. પણ શી રીતે દેખાય? આંખ ઉઘાડીને બધું દૂર કરે ત્યારે દેખાય ને?

એક સાકરની સાથે નવ મીઠાઈ મેળવે તોપણ સાકરને જોવા વાળો સાકર, સાકર, સાકર, જોવે છે, બીજા લોટ આદિને નહીં. તેમ આખી દુનિયામાં જ્યાં જોવે ત્યાં ચેતન ચેતન, જાણનાર, જાણનાર તે હું, બીજી વસ્તુ જણાય જાય તે હું નહીં. હું તો જાણનાર છું. જડનું જ્ઞાન, સંવરાદિનું જ્ઞાન, બીજા જીવનું જ્ઞાન, પણ જ્ઞાન તે હું છું. સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ આત્માની જ્યાં સુધી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી તેને કિંચિત્ પણ ધર્મ થતો નથી.

જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;
જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭.

જિનેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં હુકમ આવ્યો છે કે અમે વ્યવહારનું જે જ્ઞાન કરવાનું કહ્યું-તે વ્યવહારને જેમ છે તેમ જાણ પણ તેની દૃષ્ટિ છોડ ને એક નિર્મળ આત્માનો અનુભવ કર. વ્યવહાર છોડવાની ભગવાનની આજ્ઞા છે. આવો સિંહનાદ ભગવાનનો છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રભુ તેની એકાગ્રતાનો આત્મઅનુભવ કરીશ અને વ્યવહાર છોડીશ ત્યારે તારી મુક્તિ થશે.

પરપદાર્થ ને પરમાણુ માત્ર પણ હિતકારી નથી. અને વ્યવહાર ધર્મ ને તેનો જેટલો વિષય તે બધો ત્યાગવા યોગ્ય છે. સર્વ વ્યવહાર એટલે કે પરવસ્તુને છોડ, રાગ છોડ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ છોડ, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડ. અરે! હું ભગવાન સિદ્ધ સમાન છું એ પણ એક વિકલ્પ છે. જેટલા વ્યવહારના ભેદ તે બધા છોડવા જેવા છે, તેનો કોઈ પણ અંશ આશ્રય કરવા લાયક નથી. ભલે તે નિમિત્ત હોય, દયા-દાનના વિકલ્પ હોય કે એક સમયની પર્યાયનો ભેદ હોય પણ તે આશ્રય કરવા લાયક નથી. આ અજ્ઞાનથી વિરૂદ્ધ માને તેને ભગવાનની આજ્ઞાની અને ઉપદેશની શ્રદ્ધા નથી. જ્યાં સુધી વ્યવહારનો વિકલ્પ રહેશે ત્યાં સુધી અંતર અનુભવ નહીં થઈ શકે. આત્માનો અનુભવ એ એક જ મોક્ષનો મારગ છે. ધર્મીજીવને તો

પોતાનો દેવ આત્મા, ગુરુ પોતાનો આત્મા અને શાસ્ત્ર પણ પોતાનો આ આત્મા ને ઘર પણ આત્મા—ભગવાન સચ્ચિદાનંદપ્રભુ સિદ્ધ સમાન સદા પદ મેરો. એવો આત્મા તે તેનું ઘર છે. ધર્મીનું ઉપવન આત્મા છે. આહાહા! ત્યાં તે ફરે છે. આસન પણ જ્ઞાનાનંદ ભગવાન છે અને તે જ શીલા, પર્વતની ગુફા ને સિંહાસન છે. આત્માની એકાગ્રતારૂપ નૌકા તે જ ધર્મીને સંસારથી પાર કરાવવાવાળી છે. વ્યવહારના અહંકાર મુનિપણાદિનો અહંકાર તે બધો મિથ્યાત્વ છે. વ્યવહારમાં સાવધાનવાળો મોક્ષમાર્ગી નથી. નિશ્ચયમાં સાવધાન વાળો મોક્ષમાર્ગી છે.

હે યોગી! તીર્થંકરોએ જીવ-અજીવનો ભેદ જાણ, તેમ કહ્યું. જીવ એટલે જ્ઞાયક સ્વભાવી અભેદ તે જીવ, બાકી બધુ અજીવ. આ જીવ તે બીજા જીવ નહીં, આ જીવ તે બીજા જડ નહીં, રાગ જીવ નહીં, એક સમયનો ભેદભાવ પણ ખરેખર જીવ નહીં, તે જીવનું આખું સ્વરૂપ નહીં તે અપેક્ષાએ બધાં અજીવ! વ્યવહાર પણ અજીવ. આહાહા! એક સમયની પર્યાય પણ આખો જીવ નહીં. વ્યવહારે જીવ તે પણ નિશ્ચયથી અણાત્મા છે. એવા જીવ અજીવનું ભેદજ્ઞાન તેને મોક્ષનું કારણ જાણવું, તેમ ભગવાન કહે છે. બંધમાં સંબંધ અજીવનો છે. ને મોક્ષનો સંબંધ સ્વભાવ છે, તે એને જાણવું જોઈએ. જ્ઞાન બરાબર કરવું જોઈએ. એટલે જેને સંસાર, રાગ, બંધ તે પર છે, અને આત્મા જ્ઞાયક સ્વ છે તેવું જ્યાં ભેદજ્ઞાન થાય તેને જ મુક્તિનું કારણ થાય છે, બીજાને મુક્તિનું કારણ થતું નથી. (ક્રમશઃ)

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનુ સામર્થ્ય કેટલું!—એમ અંદરમાં દેખે-પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની-જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી. પરદ્રવ્ય પોતામાં નથી.—એમ જાણી લ્યે છે.

—પૂજ્ય ગુરુદેવ

# ધન્ય મુનિદશા!

શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૯-૧-૭૧

સમયસાર નાટકમાં આ મંગલાચરણ ચાલે છે. પાંચમું પદ છે. સમયસાર નાટકની રચના કરતાં પહેલાં હું સાધુનું સ્મરણ કરીને સ્તુતિ કરું છે. સાધુપણું કેવું હોય તેનું વર્ણન કરે છે.

આત્મા જ્ઞાનાનંદ છે, એનો પ્રકાશ ઉદ્યોત કરનાર સાધુ છે. જે ચૈતન્યદરિયો છે જ્ઞાયકસ્વભાવ ભાવ છે એનો પ્રકાશનાર-ઉદ્યોત કરનાર તેને સાધુ કહીએ છીએ. ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે એ જ્ઞાનનો પ્રકાશ કરનાર છે. સાધુ એને કહીએ કે જે જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યનું પૂર એને પ્રકાશે છે, વિકાસે છે, ઉદ્યોત કરે છે એટલે કે અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાનને વિશેષ ઉજાળે છે, નિર્મળ કરે છે. આત્મા સ્વાભાવિક આનંદનો સાગર છે, એને સાધુ પોતે વેદે છે અનુભવે છે. સંસારી એને કહીએ કે જે રાગ, દ્વેષ, અજ્ઞાનને વેદે, પુણ્ય--પાપના વિકારી ભાવને વેદે એને સંસારી કહીએ. સંસારી પ્રાણી દુઃખના સાગરમાં ડૂબ્યો છે. ભગવાન આનંદસ્વરૂપ છે એની એને ખબર નથી. આત્મા જે અંદરમાં આનંદસ્વરૂપ છે તે જેને વર્તમાન પર્યાયમાં ઊછળી રહ્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોનો દરિયો ઊછળી રહ્યો છે એને સાધુ કહીએ.

સમકિત, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા આદિ જે શક્તિઓ છે તેને સાધુએ પ્રગટ કરી છે. અનંત ચૈતન્યરત્નાકરથી ભરેલો ભગવાન આત્મા છે, એમાંથી તેણે પર્યાયમાં રત્નો પ્રગટ કર્યા છે. પરથી ઉદાસપણે વૈરાગ્યના રસથી સંતો ભરેલા છે. જેને ઇન્દ્રની ઇન્દ્રાણી આવે તોપણ વિકલ્પ ઉઠતો નથી એવા આનંદરસ, વીતરાગરસમાં પડયા છે. અપરિમિત-મર્યાદા વિનાના અનંત ગુણોનો સાગર આત્મા છે, એનું જેણે શરણ લીધું છે, એને કોઈ બાહ્યના શરણની જરૂર નથી. ગૃહસ્થો તો જેના તેના શરણ લે, નોકરી કરવા માટે પૈસાવાળાનું શરણ લે. સાધુને તો બાહ્ય કોઈ શરણ નથી. બહારના આશ્રયની કોઈ ચાહના નથી. જેને આનંદની ખીલવટ થઈ છે. કમળની કળી જેમ ખીલે એમ જેને આત્મા આનંદ ને અનંત ગુણોથી ખીલીને શરણભૂત પ્રગટયો છે. અંતરસ્વરૂપના શરણ એને પ્રગટયા છે. જેને અનંતગુણોનો ખજાનો ખીલીને પ્રગટયો છે એને પોતાના સ્વભાવ સિવાય કોઈ શરણભૂત નથી. મરણનો ડર નથી. આ દેહ ગમે ત્યારે છૂટે, એ તો પર ચીજ છે. એની સાથે મારે કોઈ લેવા-દેવા નથી. એ તો જડ છે, માટી છે, જગતના અજીવ તત્ત્વો જડપણે શરીર થઈને રહેલાં છે એની સ્થિતિ પૂરી થાય એની સાથે મારે કાંઈ સંબંધ નથી.

આત્માના અનુભવી શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં સાધુપદની ભાવના ભાવતા કહે છે કે સિંહ આવે ને શરીર લઈ જાય તો મારે એ જોઈતું નથી ને એને જોઈએ છે તો ભલે લઈ જાય, એ તો મારો મિત્ર છે. સમતારસમાં ઝૂલતા સંતો આવા હોય છે. આવી સંતની દશા અમને ક્યારે પ્રગટે એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં ધર્મી ભાવે છે. અહીં તો કહે છે કે આવી સાક્ષાત્ દશા જેને પ્રગટ થઈ છે, મરણનો જેને ડર નથી પાંચ ઇન્દ્રિયથી જે પાછો હઠી ગયો છે, ભગવાન આનંદનો નાથ છે, એની રમણતાને જે અનુસર્યો છે—એને સાધુ કહેવામાં આવે છે.

આત્માની શાંતિરૂપી ધર્મને સાધુ શોભાવવાવાળા છે. ધર્મનો જે શણગાર છે. ચારિત્રરૂપી ધર્મનો શોભાવવાળો છે. ભ્રમણાનો તો નાશ કરવાવાળો છે. પરમાં સુખબુદ્ધિ, આશ્રયબુદ્ધિનો તો જેણે નાશ કર્યો છે. અકષાય સ્વભાવ કરીને કર્મની સાથે જેણે યુદ્ધ માંડ્યુ છે. વિકલ્પને ઉત્પન્ન થવા દેતો નથી. અંતરમાં ભગવાનનો ભેટો થયો છે ને અંતરમાં એના શરણે જઈને રાગ ને કર્મ સાથે લડાઈ માંડી છે, એને હરાવીને પોતાની જીત કરી છે. એવા સાધુ હોય. બાહ્ય નગ્ન દિગંબર હોય ને અભ્યંતરની દશા કેવી હોય તે વર્ણવી છે.

માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાઁ સે હોય !
સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહેની ન રહી કોઈ.

જેની અભ્યંતર દશા અતીન્દ્રિય આનંદ ને શાંતિથી ઊછળી રહી છે એવા મુનિરાજ પૃથ્વીલોકમાં બિરાજમાન છે. આવા સંતને અંતરમાં જોઈને હું (બનારસીદાસ) નમસ્કાર કરું છું. ૫.

હવે ગૃહસ્થાશ્રમમાં ભલે હોય પણ સમકિતી કેવા હોય ચોથા ગુણસ્થાનવાળા, ધર્મની પહેલી શરૂઆતવાળા જીવ કેવા હોય છે એનું વર્ણન કરે છે.

ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતી ભરતચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ, ૯૬ કરોડ પાયદળ હતું પણ એ નહીં અમે, એ નહીં અમે. એને અંદરમાં સ્વ-પરની જુદાઈનું ભાન છે, ભેદ-વિજ્ઞાન છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એ હું અને દયા-દાન-વ્રત આદિના વિકલ્પથી માંડીને રાજ-પાટ સ્ત્રીઓ એ મારાથી બધાં જુદા છે. એ મારા નહીં, મારામાં નહીં, એનામાં હું નહીં—એવી સમ્યગ્દષ્ટિની દશા ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. ચૈતન્ય ને જડને જુદા જાણ્યા છે. નિજસ્વરૂપ ભગવાન ચૈતન્ય આનંદ જ્યોત અને પુણ્ય-પાપનો વિકલ્પ ને વિકારી રાગ એમ સ્વને પરને જેણે અંતરમાં જુદા જાણ્યા છે એને સમકિતી ને ધર્મની શરૂઆતવાળા કહીએ છીએ.

અનાદિથી રાગ ને શરીર એ મારા એમ માન્યું હતું, પરંતુ સમકિતીને ભેદ-વિજ્ઞાન પ્રગટ થતાં શરીર-વાણી-મન એ બધા પર ચીજ છે, મારા અસ્તિત્વમાં એની

ગંધ નથી ને એના અસ્તિત્વમાં મારી ગંધ નથી—એમ અંતરમાં જુદા જાણે છે. ૯૬ હજાર સ્ત્રી હોય પણ સમકિતી ચક્રવર્તીને અંતરમાં ભાન થઈ ગયું હોય છે કે અરે! અમે અહીં ક્યાં છીએ! આ નથી અમારામાં ને અમે નથી એનામાં, તે અમારામાં નહીં, અમે ત્યાં નહીં, અમારા કારણે આવ્યા નથી, એનાથી આવીને એને કારણે એનામાં રહ્યા છે, મારે ને એને કાંઈ સંબંધ છે નહીં. જેના અંતરજ્ઞાનમાં ભાનમાં ધર્મીએ સ્વ ને પરને ભેદજ્ઞાન દ્વારા જેમ કરવત દ્વારા લાકડાના બે કટકા થાય એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એક બાજુ ને બીજી બાજુ દયા દાન આદિ વિકલ્પને જુદા કરી નાખ્યા છે. જુઓ! આ સમ્યગ્દૃષ્ટિની પહેલી દશા!

જેનું મન ચંદન સમાન શીતળ છે, કષાયોનો આતાપ નથી. પુણ્ય-પાપની કૃતિઓ ઊઠે છે એ તો આતાપ છે, કષાયનો આતાપ છે. ભેદજ્ઞાન થયું છે તેથી કષાયના આતાપથી ધર્મી જીવ જુદો છે. સમ્યગ્જ્ઞાન સાથે ચૈતન્યમાંથી શીતળતા પ્રગટી છે અને નિજ-પર વિવેક થવાથી મોક્ષમાર્ગમાં મોજ કરે છે, કેલી કરે છે. સંસારમાં દેખાય છે પણ તે અરિહંત દેવના લઘુનંદન છે, નાનાપુત્ર છે. એને વારસો મળવાની વાર નથી.

જેને અંતરમાં કેવળજ્ઞાન પ્રગટ્યું નથી પણ પ્રગટવાની તૈયારીના સાધનવાળા છે, એને સર્વજ્ઞના પુત્ર કહ્યા છે, કારણ કે સર્વજ્ઞની પૂર્ણદશાનું પદ વારસો હવે અંતરથી મળવાનો છે, થોડા જ કાળમાં ભેદજ્ઞાની જીવને કેવળજ્ઞાન પામીને પરમાત્મા થવાની તૈયારી છે.

સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન એટલે જેવો નિર્વિકારી રાગ રહિત આત્મા છે એવી અંતર દર્શનમાં પ્રતીતિ થઈ છે તે મિથ્યાત્વ નષ્ટ કરવાવાળું છે, આવી શુદ્ધદશા જેને પ્રગટી છે તે સમ્યગ્દૃષ્ટિ જીવોની આનંદમય અવસ્થાનો નિશ્ચય કરીને પંડિત બનારસીદાસ હાથ જોડીને નમસ્કાર કરે છે. ૬.

પોતાનો સ્વ આત્મા તેનો સાચો જ્ઞાની આ ભેદજ્ઞાની સમકિતી છે. પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન ભગવાન આત્મા એવા સ્વપદાર્થનો સાચો જ્ઞાની થયેલો છે. સ્વપદાર્થની ઓળખાણ કરીને એ જ્ઞાની થયો છે. ગૃહસ્થાશ્રમમાં હોય, દેવમાં હોય, નારકીમાં હોય, પશુમાં હોય, સમકિતી ચારે ગતિમાં હોય છે. પરમાર્થના સાચા ચિત છે. પરમાર્થ માટે મોક્ષમાર્ગ માટે સાચો પ્રેમ છે. આત્માની પૂર્ણ શાંત દશા એ પરમ પદાર્થ છે. મોક્ષદશા-સંસારદશાની વિકલ્પદશાનો નાશ થઈ નિર્વિકારી પૂર્ણાનંદ દશાની પ્રાપ્તિ એ જગતમાં પરમ પદાર્થ કહેવામાં આવે છે. એ હૃદયના સાચા છે, સત્યવચન બોલે છે. સાચા જૈની છે. પહેલા દર્જાની શરૂઆતવાળો ધર્મી હોય એને પણ આવી દશા અંદર

[ અનુસંધાન પાનું ૧૭ ]

# જ્ઞાન ને અજ્ઞાનનો મહિમા

[ શ્રી સમયસાર ગાથા ૨૧૮–૨૧૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૮–૪–૬૨ ]

અહો! ચૈતન્ય પ્રભુની શ્રદ્ધા–જ્ઞાન થતાં રાગનો પ્રેમ છૂટી જાય છે. ધર્મીને પુણ્ય-પાપની સામગ્રીમાં રાગ કરવાનો રસ હોતો નથી, પુણ્ય-પાપથી મળેલી સામગ્રીને ભોગવવાનો રસ હોતો નથી. મોટો રાજા મરે ને તેને પોલીશ કરેલા લાકડાથી બાળે તો મડદાંને મજા પડતી હશે? એમ ધર્મી જીવની દૃષ્ટિ એવી થઈ છે કે તેને બહારમાં પુણ્યની સામગ્રી હોય તોપણ તેને મડદાંને પોલીશ કરેલાં લાકડાંની માફક તેમાં રસ હોતો નથી.

જેને શુભભાવ ગોઠે છે તેને તેના ફળરૂપ બાહ્ય સામગ્રીમાં મીઠાશબુદ્ધિ વર્તે છે. ભલે દ્રવ્યલિંગ ધારણ કરીને બેઠો હોય તોપણ શુભભાવ ગોઠે છે તેને બાહ્ય સામગ્રીમાં મીઠાશ વર્તે છે. ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ હોવા છતાં ભોગમાં મીઠાસ વર્તતી નથી. એક વીસા શ્રીમાળી વાણીઓ વર્ષોથી ચૂરમાના જ લાડવા ખાય, રોટલી ખાય તો માંદો પડે. તેના ઘરે ૨૦ વર્ષનો દીકરો મરી ગયો, તેને બાળીને ઘરે આવ્યા ત્યાં ઘરનાએ લાડવો ભાણામાં મૂક્યો કે રોટલી તમે ખાશો તો માંદા પડશો માટે લાડવો ખાઈ લ્યો. આંખમાંથી આંસૂ હાલ્યા જાય ને લાડવો ખાતા જાય, પણ રસ કેટલો હશે? તેમ ધર્મીને સંયોગોમાં રસ જ નથી. અસ્થિરતાનો ભાવ છે પણ રસ ન હોય. ધર્મીને રાગનો ને પુણ્યની સામગ્રીનો રસ હોતો નથી. એ વાત ગાથા દ્વારા દૃષ્ટાંતથી સમજાવે છે:—

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.
પણ સર્વદ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

જેમ કાદવ વચ્ચે સોનું પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી, કાટ લાગતો નથી. કારણ કે સોનાનો સ્વભાવ જ અલિપ્ત રહેવાનો છે. સોનું અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે. હજાર વર્ષ કાદવમાં રહે તોપણ કાટ ન લાગે. કેમ કે કાદવથી તેને કાટ લાગે તેવો તેનો સ્વભાવ જ નથી.

તેવી રીતે જેને પુણ્ય-પાપના ભાવની દૃષ્ટિ છૂટી ગઈ છે ને પુણ્ય-પાપના ફળની સામગ્રીમાં હિત–અહિતબુદ્ધિ છૂટી ગઈ છે એવો ધર્મી કર્મની સામગ્રીની મધ્યમાં

પડ્યા હોય—શ્રેણીક રાજા કે જે અત્યારે નરકમાં છે-પણ હું તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ છું એવી દૃષ્ટિ હોવાથી રાગથી ને પરથી લેપાતો નથી.

સુવર્ણની માફક ધર્મી સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિરૂપ કર્મની સામગ્રીની મધ્યમાં રહ્યો હોવા છતાં કર્મથી લેપાતો નથી. જુઓ! આ સમ્યગ્દર્શનનો મહિમા! કર્મની સામગ્રીની મધ્યમાં ધર્મી જીવ પડ્યો હોવા છતાં લેપાતો નથી. કેમકે સર્વ પરદ્રવ્ય પ્રત્યે રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપે હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. તેથી બાહ્યમાં સામગ્રી મધ્યે જ્ઞાની હોય છતાં તેને ધર્મની વૃદ્ધિ ને અધર્મનો ત્યાગ વર્તે છે.

જ્ઞાનનો પૂંજ ભગવાન આત્મા એક બાજુ ને વિકાર તથા બાહ્યવસ્તુને ધર્મીએ પરમાં નાખ્યા છે. ધર્મીએ શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્માની પસંદગી કરી લીધી છે ને બાકી બધું પરમાં નાખ્યું છે. તેથી ધર્મીને રાગ આવે છતાં રાગનો રાગ વર્તતો નથી. સર્વ પરદ્રવ્ય પ્રત્યેના રાગનો-એકતાબુદ્ધિનો અભાવ ધર્મીને વર્તતો હોવાથી ધર્મી કર્મથી લેપાતો નથી.

જેને અંતરમાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ પોષાણો છે તે ભલે પૂર્વના લઈને કર્મની સામગ્રીમાં દેખાય છતાં તેમાં લેપાતો નથી. જ્ઞાનીને પરપદાર્થમાં ભ્રમણા થઈ જાય—રાગનો રાગ થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. જીભમાં ગુંદર લાગે તેને ધોવા માટે સાબુની જરૂર ન પડે, તેમ જ્ઞાનીનો સ્વભાવ એવો છે કે તેને પર પદાર્થમાં રાગ થતો નથી, રાગનો રાગ થતો નથી.

હવે લોખંડનો દાખલો આપે છે કે લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે, કાટ લાગે છે. કાદવના લઈને કાટ લાગતો નથી, કેમકે તો સોનાને પણ કાટ લાગે પણ લોખંડનો પોતાનો જ સ્વભાવ કાટ લાગવાનો હોવાથી કાદવમાં કાટ લાગે છે. તેવી રીતે અજ્ઞાની પુણ્ય-પાપના ભાવ મેં કર્યા એમ માનીને આત્માને કૂવામાં નાખે છે. જેને પુણ્ય-પાપની રુચિ ને હોંશ છે એવો અજ્ઞાની ભલે નગ્ન દિગંબર સાધુ થયો હોય પણ અંતરમાં દયા-દાન આદિની રુચિ હોવાથી તે કર્મથી લેપાય છે. છ-છ માસના ઉપવાસ કરે પણ અંદરમાં ક્રિયાકાંડના મહાવ્રતના રાગના પરિણામની રુચિ પડી છે તેથી તે મિથ્યાત્વને લઈને કર્મથી લેપાય છે.

અજ્ઞાનીને ઊંડે ઊંડે શુભરાગ ધર્મ છે, તેનાથી લાભ થશે એવી મિથ્યા-માન્યતા હોવાને લઈને અજ્ઞાની કર્મથી લેપાય છે. રાગ ને પુણ્યના પરિણામનો આદર ને સત્કાર કરે ને બહારમાં ત્યાગી થયો હોય તોપણ કર્મથી લેપાય છે. સમવસરણમાં ભગવાનની સભામાં બેઠો હોય છતાં જેની દૃષ્ટિમાં રાગની રુચિ પડી છે તે ભગવાનની સભામાં દર્શન-મોહનીય કર્મને બાંધે છે. રાગના પ્રેમમાં રહેલો અજ્ઞાની ભગવાનની દિવ્યધ્વનિ સાંભળતો હોય છતાં કર્મથી લેપાય છે, કેમકે દિવ્યધ્વનિમાં જે કહે છે તેને તે અનુસરતો નથી, રાગની રુચિ છોડતો નથી. આ રીતે જ્ઞાની કર્મની સામગ્રી મધ્યે પડયો હોય છતાં કર્મથી બંધાતો નથી ને અજ્ઞાની ત્યાગી દેખાવા છતાં કર્મથી બંધાય છે. જુઓ, આ જ્ઞાન ને અજ્ઞાનનો મહિમા!

* *

# વિકારનો કર્તા કોણ?

શ્રી કળશટીકા, કળશ-૨૨૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી, તા. ૧૧-૧૧-૬૫

જે આ આત્મા છે તેનો સ્વભાવ અનાદિથી શુદ્ધ છે. જ્ઞાન, આનંદ, શાંતિ આદિ શુદ્ધ ભાવથી ભરેલું જ તત્ત્વ છે. ત્યારે વિકાર થાય છે તે કોણ કરાવે છે? એ પ્રશ્ન છે. પુણ્ય-પાપના ભાવ, સ્ત્રી-પુત્ર-શરીર-પૈસાદિમાં સુખ છે એવી મિથ્યા માન્યતા કોણ ઉત્પન્ન કરાવે છે? અજ્ઞાની કહે છે કે આઠ કર્મના લઈને મિથ્યાત્વ થાય છે.

જે મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે અંતરમાં જે કર્મ પડયા છે તેને લઈને વિકાર થાય છે ને શરીર આદિ બાહ્ય ભોગ-સામગ્રીનું નિમિત્ત પામીને જીવ અશુદ્ધરૂપે પરિણમે છે-તે મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. પૈસા રાગ કરાવે છે એમ જે માને છે તેને ભગવાન અનંત સંસારી કહે છે. શરીરમાં રોગ આવે તો શરીરના કારણે અમને દુઃખ થાય છે એમ માને તેની મિથ્યા દૃષ્ટિ હોવાથી તે અનંત સંસારી છે.

જ્ઞાનાનંદ ચિદાનંદ શુદ્ધ પરમાનંદ અનાદિ અનંત મૂર્તિ પ્રભુ છે, તેને તો તે જાણતો નથી, માનતો નથી ને જે વિપરીત માન્યતા પોતે કરે છે તેને કર્મના લઈને થઈ એમ માને છે તે અનંત સંસારી છે. વિકાર પોતે કરે ને દોષ કર્મના માથે નાખે છે તે સ્વભાવને તો ભૂલ્યો છે પણ વિકાર કોને લઈને થાય છે એમાં પણ ભૂલ્યો છે, બેવડી ભૂલ છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથે જે ફરમાવ્યું છે તે આ કહેવાય છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે પણ તેનું ભાન ભૂલ્યો છે ને પુણ્યના ભાવથી લાભ થશે આદિ મિથ્યા માન્યતા કરે છે ને નાખે છે કર્મ ઉપર કે કર્મના લઈને રાગ-દ્વેષ-મોહ થાય છે.—એમ માનનાર અનંત સંસારી છે. જ્ઞાતા ચિદાનંદનું લક્ષ ભૂલીને પોતે રાગ-દ્વેષ-મોહ કરે ને માને કે કર્મે કરાવ્યા છે તે અનંત સંસારમાં રખડે છે. આ રખડવું કેમ મટે? -કે મારી ભૂલ મારાથી છે ને મારા સ્વભાવમાં એ ભૂલ નથી એમ સ્વભાવનું ભાન કર તો એ ભૂલ મટે.

દુકાન મોટી માંડી છે તો અમારે કાંઈક કરવું તો પડે ને! એવી ઊંધી માન્યતા કરે ને વળી પાછું પરના લઈને ઊંધી માન્યતા કરવી પડી એમ માને છે તે અનંત સંસાર માંડે છે. શરીર ને કર્મ જડ છે ને ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે. એ કર્મ ને શરીર આત્માને દુઃખ કરાવે કે સુખની કલ્પના કરાવે એ માન્યતા જ મિથ્યાત્વ છે. એલા મૂઢ છો! ભૂલ તું કરે ને ભૂલ પર કરાવે એમ માને છો તો એ ભૂલમાં ને ભૂલમાં દુઃખમાં અનંતકાળ ગાળવો પડશે.

અજ્ઞાની કહે છે કે વસ્તુ તો શુદ્ધ જ છે તેની પર્યાયમાં વિકાર થવાની પોતાની મેળે કોઈ લાયકાત નથી, પરના લઈને વિકાર થાય એમ તે માને છે. તે અજ્ઞાનીને વસ્તુ સ્વભાવની તો ખબર નથી પણ વિકાર થવાની એની પર્યાયના અંશની યોગ્યતા છે એની પણ એને ખબર નથી.

વસ્તુ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવી છે એની તો એને ખબર નથી પણ તારી વર્તમાન દશામાં જે ભૂલ થાય એ તું કરે છો, તારી અવસ્થાની યોગ્યતા છે; દોષનું કારણ જેમ સ્વભાવ નથી તેમ કર્મ શરીર આદિ પણ તેનું કારણ નથી. પર પદાર્થમાં એવી યોગ્યતા નથી કે તારી પર્યાયમાં દોષ કરાવે. તારી પર્યાયની યોગ્યતાથી તું દોષ કરે છે એમ જે માનતો નથી તેને નથી સ્વભાવનું ભાન કે નથી વિકૃતદશાનું ભાન!

ભગવાન આત્મા પોતાના અખંડાનંદ પ્રભુ સામે જોતો નથી, તેને જાણતો નથી, અનુભવતો નથી, એ તારી ભૂલ છે. પોતાના સ્વભાવને ન જોતાં પોતાની યોગ્યતાથી જ વિકારને કરે છે એમ માનતો નથી ને કર્મના ઉદયથી વિકાર થાય છે એમ માને છે તે અજ્ઞાની અનંત સંસારી છે.

જો જીવની દશામાં વિકાર કરવાની શક્તિ નથી ને પુદ્‌ગલકર્મ બળાત્કારે વિકાર કરાવે છે તો કર્મ તો સર્વકાળ વિદ્યમાન જ છે, તો પછી જીવને સદાય વિકાર કરવો પડશે એટલે શુદ્ધ પરિણમવાનો અવસર કયો?

પોતાના ઊંધા પુરુષાર્થથી પોતામાં રાગાદિ વિકાર થાય એમ જે માને તે સવળા પુરુષાર્થ વડે શુદ્ધ પરિણમે એમ માને, ને એમ પરિણમી શકે, એ સિવાય કર્મના લઈને જીવમાં અશુદ્ધ પરિણમન માનશે તેને કર્મ સદા કાળ વિદ્યમાન હોવાથી તેને સદાય અશુદ્ધ પરિણમવું પડશે ને તેને સમ્યગ્દર્શનરૂપ પરિણમવાનો અવસર આવશે નહીં એટલે તેને મિથ્યાદૃષ્ટિપણે કાયમ રખડવું પડશે.

જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી. કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી. એટલે કે આ કારણ સિવાય અર્થાત જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય કારણો વડે ભગવાન આત્મા જણાવા લાયક નથી.

—પૂજ્ય ગુરુદેવ

# બે દ્રવ્યના પરિણામોનો કર્તા એક દ્રવ્ય ન પ્રતિભાસો

આત્મામાં પણ અનંત શક્તિ છે ને પરમાણુમાં પણ અનંત શક્તિ છે. જેટલી અનંતી શક્તિ આત્મામાં છે તેટલી શક્તિ પરમાણુમાં છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યના પરિણામને કરે. પોતાના પરિણામને પણ આત્મા કરે ને શરીર ચલાવવાની ક્રિયા પણ કરે. એક ગાયનો ગોવાળ તે બે ગાયનો પણ ગોવાળ, તેમ પોતાના પરિણામને પણ કરે ને અન્ય દ્રવ્યોના પરિણામને પણ કરે–તેમાં શું વાંધો?

વીર્ય ગુણ પોતાની નિર્મળ પર્યાયને પણ કરે ને શરીરની ક્રિયાને પણ કરે! અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હોય કે બે દ્રવ્યના પરિણામને કરે તેમાં શું વાંધો?–એમ શિષ્ય પ્રશ્ન કરે છે. સ્વરૂપનું જેને ભાન નથી એ જીવ મિથ્યાત્વ રાગાદિને કરે અને સાથે કર્મ બંધના પરિણામને પણ કરે. રાગ પણ જીવ કરે ને પૈસા દેવાની ક્રિયાને પણ જીવ કરે. જેમ આત્મા વ્યાપ્યવ્યાપકપણે રાગાદિને કરે તેમ વ્યાપ્યવ્યાપકપણે જ્ઞાનાવરણ કર્મબંધને પણ કરે–એમ શિષ્યનો મત છે.

તેને કહે છે કે બે ભિન્ન ભિન્ન પરિણામોના કર્તા ભિન્ન ભિન્ન દ્રવ્યો છે. રાગાદિ પરિણામનો કર્તા જીવ છે ને જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામનો કર્તા પરમાણુ છે. જીવ રાગાદિ પરિણામને પણ કરે ને જ્ઞાનાવરણી કર્મબંધને પણ કરે એમ નથી. ભિન્ન તત્ત્વના પરિણામ તેનાથી ભિન્ન તત્ત્વ કરે એમ બનતું નથી. લાકડી ચલાવવાની ઇચ્છા થઈ ને લાકડી ચાલી, ત્યાં ઇચ્છાનો કર્તા જીવ છે પણ લાકડીના હલન–ચલનનો કર્તા જીવ નથી, લાકડીના પરમાણુ તેના હલન–ચલનનો કર્તા છે.

દ્રવ્યમાં અનંત શક્તિ છે પણ એવી કોઈ શક્તિ નથી કે પોતાની પર્યાય સાથે વ્યાપ્યવ્યાપકરૂપ છે. તેમ પરદ્રવ્યની પર્યાય સાથે પણ વ્યાપ્યવ્યાપકરૂપ હોય. જડની પર્યાય પણ આત્મા કરે ને રાગાદિને પણ આત્મા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જડની પર્યાયનો કર્તા જડ છે.

આવું સમજવાથી શું ફાયદો?–કે પરદ્રવ્યનો હું કર્તા નથી એમ સમજતાં પર તરફનું લક્ષ છોડી સ્વ તરફ લક્ષ કરે એ ફાયદો. ખાવાનો વિકલ્પ થાય તેનો પણ જીવ કર્તા ને લાડવો ખાવાની ક્રિયાનો કર્તા આત્મા છે એમ ત્રણ કાળમાં બનતું નથી. નિશ્ચયથી એક પરિણામનો કર્તા બે દ્રવ્ય નથી. જીવમાં રાગાદિ પરિણામ થયા તેનો કર્તા

જીવ પણ છે ને પરદ્રવ્ય પણ રાગાદિ પરિણામનો કર્તા છે એમ નથી, જીવદ્રવ્ય પોતાના રાગાદિ પરિણામનો કર્તા છે, પરદ્રવ્ય તેનો કર્તા નથી.

વળી એક દ્રવ્યના બે પરિણામ હોતા નથી એટલે કે જીવ પોતાના વિકારી પરિણામનો કર્તા થાય છે પણ કર્મરૂપ પરિણામની કાર્મણવર્ગણાનો જીવ કર્તા થાય એમ નથી. વળી એક દ્રવ્યની બે ક્રિયા નથી હોતી. જીવ રાગરૂપે તો પરિણમે પણ ભાષારૂપે પરિણમે એમ નથી

કારણ કે જો એક દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે થાય તો અન્ય દ્રવ્યના પરિણામને કરે. જીવદ્રવ્ય પુદ્‌ગલ દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણીનો કર્તા થાય, પરંતુ એમ તો બનતું નથી. અનાદિ-નિધન આત્મા તો એકરૂપ રહે છે, પુદ્‌ગલ દ્રવ્યરૂપ તો થતો નથી. માટે પોતાના અશુદ્ધ પરિણામનો જીવ કર્તા છે પણ જ્ઞાનાવરણી કર્મનોકર્તા જીવ નથી, એવું વસ્તુનું સ્વરૂપ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી.

—૦—

[ ધન્ય મુનિદશા : પાનું ૧૧ થી ચાલુ ]

હોય છે. પરમ પદાર્થ આત્માનો મોક્ષ એનો પ્રેમ છે અને સ્વઅર્થના સાધનારા છે. જિનવરના વચનો ઉપર અટલ વિશ્વાસ છે. સમસ્ત નયોના જ્ઞાતા હોવાથી એમના જ્ઞાનમાં કોઈ પણ સમ્યક્ વિવક્ષાનો વિરોધ ભાસતો નથી. શરીર ને એક સમયની પર્યાય-બુદ્ધિ જેને હોતી નથી. જેને આત્માનું હિત એ સિદ્ધિ છે. વચનસિદ્ધિ વગેરે બહારની સિદ્ધ પ્રગટે છે તે કાંઈ સિદ્ધિ નથી. આત્માના હિતની જેને સિદ્ધ પ્રગટી છે કે પૂરણ સિદ્ધિ કેમ થાવું તે તેની સિદ્ધિ છે. તે સિદ્ધિની લબ્ધિ પ્રગટી છે. પૈસા તો જડ, માટી, ધૂળ છે. તેને રાખે કોણ? ને આપે કોણ? મમતા રાખે તેને છોડે? ધર્મીને આત્માની સિદ્ધિ પ્રગટી છે. આત્મશક્તિની પૂરણ સિદ્ધિ પ્રગટી છે, તે સિદ્ધ છે. પરમ આનંદને જ્ઞાનસ્વભાવ આત્માનું જ્યાં અંતરભાન થઈને શુદ્ધતા વધતી જાય છે, અશુદ્ધતા ટળતી જાય છે, તે તેની વૃદ્ધિ છે. બહારની વૃદ્ધિ તો પુણ્યના રજકણો હોય તે બળીને બહારથી દેખાય પણ અહીં તો પોતાની શાંતિ અને ધર્મની વૃદ્ધિ દેખાય છે. અંતરમાં વૃદ્ધિ, રિદ્ધિ ને સિદ્ધિ છે. ધર્મી તો અંતરંગ લક્ષ્મીથી અયાચી લક્ષપતિ છે. પોતાના આનંદ-ગુણ-દ્રવ્યનું લક્ષ તેનો લક્ષપતિ છે. તે વીતરાગનો દાસ છે. જગતથી ઉદાસ છે. સંસારથી ઉદાસ રહે છે. સમકિતી જીવ સદાય સુખી છે, આનંદમાં છે, જ્યાં હોય ત્યાં આત્માના આનંદમાં સમકિતી હોય છે. આવા ગુણોના ધારક સમ્યગ્દૃષ્ટિ છે તેને સંભારીને મંગલાચરણ કહ્યું છે. ( ક્રમશઃ )

# ❋ લાઈટનીંગ કોલ ❋

સંસારના કોઈ અગત્યના કાર્ય માટે આપણે લાઈટનીંગ કોલ જોડયો હોય અને તેની લાઈન મળી જતાં આપણે સામી વ્યક્તિ સાથે ખાસ ખાસ અગત્યની જ વાતચીત કરીએ છીએ. કોઈ વધારાની વાતચીત કરતાં નથી, કારણ આપણે સમજીએ છીએ કે જેટલો સમય વાતચીત કરીએ છીએ તેનો ઘણો ચાર્જ ભરવો પડે છે. તેમ આપણે સાથે સાથે એ પણ વિચારવાનું છે કે જે મનુષ્ય-પર્યાયના એક એક સમયને જિનાગમમાં ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ અધિક મૂલ્યવાન કહ્યો છે એવા આયુષ્યના અમૂલ્ય સમયો અનાદિથી નહિ સાધેલી આત્મસાધનામાં જ ખર્ચવા જેવા છે. તેનાથી જ અમૂલ્ય સમયોની સફળતા છે. સંસારના કોઈ પણ કાર્યો એવા નથી કે જેમાં અમૂલ્ય સમયની સફળતા થાય, ધંધામાં તો નફો મળે તેવો જ વેપાર કરે છે. ખોટ જાય તેવો ધંધો કરતો નથી. તો આપણે વ્યાપારી દૃષ્ટિથી વિચાર કરીએ તો સંસારના કોઈ પણ કાર્યોમાં આપણે આપણા અમૂલ્ય સમયનો જે કંઈ ભોગ આપીએ છીએ તેમાં એકલો નુકશાનનો જ ધંધો થાય છે. લાઈટનીંગ કોલમાં ચાર્જ ભરવો પડે છે તેથી તેમાં જરૂરીયાત ઉપરાંતનો સમય લગાવતાં નથી તેમ જીવનની પ્રત્યેક પળને લાઈટનીંગ કોલના સમયની માફક અધિક મૂલ્યવાન સમજીએ તો આપણા જીવનમાં વ્યર્થના કાર્યો અને વ્યર્થના વાર્તાલાપમાં સમયની બરબાદી કરવાનો અવકાશ નહિ રહે અને આપણો અમૂલ્ય સમય મુખ્યપણે આત્મહિતના કાર્યોમાં જ ખર્ચવાનું હંમેશા આપણું લક્ષ રહ્યાં કરશે. માટે લાઈટનીંગ કોલનું દૃષ્ટાંત હંમેશા સ્મરણમાં રાખીને આત્મહિતનું લક્ષ રાખવું.

જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્ન તુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિરત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તે એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિઃસંદેહ દેખાય છે.

એક પળનો હીન ઉપયોગ તે એક અમૂલ્ય કૌસ્તુભ ખોવા કરતાં પણ વિશેષ હાનિકારક છે.

(શ્રીમદ્ રાજચંદ્ર)

# સ્વર્ગ સમાન ભોગમાં વિરક્ત ભરત!

સ્વર્ગલોકને પણ શરમાવે એવી અયોધ્યાપુરીમાં ભરત (શ્રી રામ લક્ષ્મણના ભાઈ) ઈન્દ્રસમાન ભોગ ભોગવવા છતાં પણ જેમાં રતિ નથી, અનેક સ્ત્રીઓના પ્રાણવલ્લભ, નિરંતર રાજ્ય-લક્ષ્મીથી ઉદાસ, હમેશાં ભોગોની નિંદા કરે છે. ભરતનું મંદિર અનેક મંદિરોથી મંડિત અનેક પ્રકારના રત્નોથી જડિત, મોતિઓની માળાથી શોભિત, વૃક્ષો ફૂલી-ફાલી રહ્યા છે, અનેક આશ્ચર્યોથી ભરેલો છે, દરેક પ્રકારની ઋતુઓથી વિલાસયુક્ત જ્યાં વીણાં મૃદંગાદિ અનેક વાજિંત્ર વાગે છે, અતિ સુન્દર સ્ત્રીઓથી પરિપૂર્ણ દેવાંગના જેની ચારો તરફ મદોન્મત હાથી ગર્જે છે, મહા રમણીક ઉદ્યાન ક્રીડાનું સ્થાન જેમાં દેવોને પણ રુચિ થાય, પરંતુ ભરત સંસારથી ભયભીત, ઉદાસ એને સંસારના કોઈ પણ ભોગોમાં તેની રુચિ નથી. જેમ પારધીથી ભયભીત થયેલો મૃગ કોઈ પણ જગ્યાએ વિશ્રામ ન લે, એવી રીતે ભરત વિચારે છે કે મેં આ મનુષ્ય દેહ અતિ કઠિનતાથી પ્રાપ્ત કર્યો છે જે પાણીના બૂંદ સમાન ક્ષણભંગુર છે તથા આ યૌવન ઝાંઝના પૂંજ સમાન અતિ અસાર દોષોથી ભરેલો તથા અતિ રસ વગરના આ ભોગ આમાં ક્યાંય સુખ નથી. આ જીવન સ્વપ્ન સમાન તથા કુટુમ્બનો સંબંધ જેમ વૃક્ષ પર પક્ષીયોનો મિલાપ રાત્રે બધા ભેગા થાય ને સવાર પડતાં જ દશો દિશામાં ઊડી જાય. આવું જાણીને પણ જો મોક્ષનું કારણ ધર્મ ન કરીએ તો બુઢાપાથી જર્જરિત થઈ દુઃખરૂપ અગ્નિથી બળે છે!

મૂઢ જીવ હોય એને આ યૌવન પ્રિય હોય છે. આમાં કોણ વિવેકી પુરુષ રાગ કરે? આ અપવાદોના સમૂહનો નિવાસ તથા સાયંકાળના ઉદ્યોત સમાન વિનશ્વર તથા આ શરીરરૂપી યન્ત્ર ઘણાં પ્રકારના વ્યાધિઓનું ઘર, પિતાના વીર્યથી તથા માતાના-રૂધિરથી ઉપજેલો, એમાં પ્રીતિ યોગ્ય શું છે? જેવી રીતે અગ્નિ લાકડાથી તૃપ્ત ન થાય તથા સમુદ્ર પાણીથી તૃપ્ત ન થાય એવી રીતે ઇન્દ્રિઓ વિષયથી તૃપ્ત ન થાય. આ વિષય અનાદિથી અનંતકાળ સુધી ભોગવ્યા છે પરન્તુ તૃપ્તિ નથી થઈ. કામમાં આસક્ત આ મૂઢ જીવ ભલું-બૂરું કાંઈ નથી જાણતો. પતંગીયા સમાન વિષયરૂપ અગ્નિમાં પડે છે તથા પાપી મહાભયંકર દુઃખને વેદે છે. ભોગ રોગ સમાન છે, અતિ ખેદરૂપ દુઃખનો નિવાસ એમાં વિલાસ શું કરવો? તથા નારીનું શરીર મળ-મૂત્રાદિથી પૂર્ણ વિષ્ટાનો કુંભ એનો સંયોગ અતિવિભત્સ, અતિ લજ્જાકારી, મહા દુઃખરૂપ એવું નારીનું શરીર જેમાં મૂઢ જીવ સુખ માને છે. દેવોને ભોગ ઇચ્છા ઉત્પન્ન થાય ને તુરત જ પૂર્ણ થઈ જાય. એમાં પણ જીવને તૃપ્તિ ન થઈ. તો મનુષ્યોના ભોગોમાં ક્યાં તૃપ્તિ થાય? જેમ દાભની અણી પર ઝાકળની બૂંદ તેનાથી તૃષ્ણા કેમ બુઝે? વળી જેમ લાકડાનો વેચનારો માથા પર ભાર લઈને દુઃખી થાય તેવી રીતે રાજનો ભાર

ઉપાડનારો દુઃખી થાય છે. અમારા કુળ વિષે એક રાજા સૌદાસ ઉત્તમ ભોજન કરીને પણ તૃપ્ત નહિ થતાં તે પાપી માંસાદિ અભ્યક્ષનો આહાર કરીને રાજ્યભ્રષ્ટ થયો—જેમ ગંગાના પ્રવાહમાં માંસનો લોભી કાગડો હાથીનું શબ ચૂથતાં પણ તૃપ્ત ન થયો તથા સમુદ્રમાં ડૂબી મર્યો. તેવી રીતે આ વિષયાભિલાષી ભવસમુદ્રમાં ડૂબીને મર્યો. આ લોક દેડકા સમાન મોહરૂપી કીચડમાં મગ્ન લોભરૂપી સાપનો ગ્રાસ થઈને નરકમાં પડે છે.

એ રીતે ચિંતવન કરતાં શાંતચિત ભરતને કેટલાક દિવસો અતિ ઉદાસીનતાથી વીત્યા. જેવી રીતે સિંહ મહા સમર્થ પીંજરામાં ખેદ–ખિન્ન થઈને પડ્યો રહે છે, એને વનમાં જવાની ઇચ્છા હોય છે તેમ ભરત મહાવ્રત ધારણ કરવાની ઇચ્છાથી ઘરમાં હમેંશા ઉદાસ રહે છે. મહાવ્રત સર્વ દુઃખનો નાશક છે. એક દિવસ ભરત શાંતચિત્તે વિચાર કરી ઘર છોડવા માટે તૈયાર થયો ત્યારે કૈકેઈના કહેવાથી રામ-લક્ષ્મણે રોક્યા તથા અતિ સ્નેહથી કહેવા લાગ્યા કે હે ભાઈ! પિતા વૈરાગ્યને પ્રાપ્ત થયા ત્યારે તને જ પૃથ્વીનું રાજ્ય આપ્યું તથા સિંહાસન પર બેસાડ્યો. તો તું અમારા સર્વ રઘુવંશીઓનો સ્વામી છો. લોકોનો પાલનહાર, આ સુદર્શનચક્ર, આ દેવ આ વિદ્યાધર તારી આજ્ઞામાં જ છે. આ પૃથ્વીને નારી સમાન ભોગવ, હું તારા માથે ચન્દ્રમાં સમાન ઉજ્જવલ છત્ર લઈને ઊભો રહું તથા ભાઈ શત્રુઘ્ન ચામર ઢાળે તથા લક્ષ્મણ તારો સુન્દર મંત્રી થશે. જો તું અમારું વચન નહીં માને તો અમે વિદેશ ચાલ્યા જઈશું તથા હરણની જેમ વન ઉપવનમાં રહીશું. હું તો રાક્ષસોનો તિલક રાવણને જીતી તને મળવા માટે આવ્યા છું એટલે તું નિશ્ચિંત રાજ્ય કર. પછી હું પણ તારી સાથે મુનિવ્રત ધારણ કરીશ. આ રીતે શુભચિંતક રામ ભરતને કહેવા લાગ્યા.

ત્યારે વિષયરૂપ વિષથી અતિ ઉદાસ નિસ્પૃહ ભરત કહેવા લાગ્યા—હે દેવ! હું રાજ્ય–સંપદા જલ્દી તજી દેવા ઇચ્છું છું કે જેને તજી શૂરવીર પુરુષ મોક્ષે ગયા છે. હે નરેન્દ્ર! અર્થ કામ અતિ ચંચળ, મહાદુઃખના કારણ જીવોનાં શત્રુ, મહાપુરુષ માટે નિંદનીય છે. એને મૂઢ જીવ સેવે છે. હે હળાયુધ! આ ક્ષણભંગુર ભોગ જેમાં મને તૃષ્ણા ઇચ્છા નથી, આ સ્વર્ગ સમાન ભોગ તમારા આશીર્વાદથી આપણા ઘરમાં છે તોપણ મને રુચિ નથી. આ સંસાર–સાગર મહાભયાનક છે. જ્યાં મૃત્યુરૂપ પાતાળકુંડ મહા વિષમ છે તથા જન્મરૂપ કલ્લોલ—તરંગ ઊઠે છે તથા રાગ-દ્વેષરૂપી અનેક પ્રકારના ભયંકર જળપ્રાણી છે તથા રતિ–અરતિરૂપ ક્ષાર જળથી ભરેલી છે તથા જ્યાં શુભ–અશુભરૂપી ચોર રહે છે, એટલે હું મુનિસુવ્રતરૂપી જહાજમાં બેસી એ સંસાર –સમુદ્ર તરવા ઇચ્છું છું. હે રાજેન્દ્ર! મેં અનેકપ્રકારની યોનિમાં અનંતકાળ જન્મ-મરણ કર્યા, નરક–નિગોદમાં અનંતા કષ્ટ સહન કર્યા, ગર્ભવાસમાં ખેદખિન્ન થયો! ભરતના આ વચનો સાંભળી કેટલાય મોટા રાજાઓની આંખોમાંથી આઁસૂ વહેવા લાગ્યા. અતિ આશ્ચર્યથી ગદ્‌ગદ્ વાણીથી કહેવા લાગ્યા—હે મહારાજ! પિતાનું વચન પાળો, થોડા

દિવસ સુધી રાજ્ય કરો તથા તમે આ રાજ્યલક્ષ્મીને ચંચળ જાણી ઉદાસ થયા છો તો થોડા દિવસ પછી મુનિવ્રત ધારણ કરજો. હમણાં તો તમારા મોટાભાઈ આવ્યા છે એના મનને શાંતિ આપો. ત્યારે ભરતે કહ્યું કે મેં પિતાના વચન પ્રમાણે તો ઘણા દિવસ સુધી રાજ્યસંપદા ભોગવી પ્રજાના દુઃખ દૂર કર્યાં, પુત્રની જેમ પ્રજાનું પાલન કર્યું, દાન-પૂજા આદિ ગૃહસ્થના ધર્મ પાળ્યા, સાધુઓની સેવા કરી. હવે પિતાએ જે કર્યું છે એ હું કરવા ઈચ્છું છું. હવે તમે બધા પણ આ વસ્તુની અનુમોદના કેમ નથી કરતા? પ્રશંસા યોગ્ય વસ્તુમાં વિવાદ શા માટે? હે શ્રીરામ! હે લક્ષ્મણ! તમે મહાભયંકર યુદ્ધમાં શત્રુઓને જીતી આગળના બળભદ્ર વાસુદેવ સમાન લક્ષ્મી પ્રાપ્ત કરી તો તમારી પાસે જેવી દૈવી લક્ષ્મી છે એવી અન્ય મનુષ્યો પાસે નથી, તોપણ રાજ્ય-લક્ષ્મી મને નથી રુચતી, મને તૃપ્ત નથી કરતી, જેવી રીતે ગંગાદિ નદિઓ સમુદ્રને તૃપ્ત ન કરે. હવે શીઘ્ર હું તત્ત્વજ્ઞાનના માર્ગમાં પ્રવર્તીશ. આટલું કહીને અત્યંત વિરક્ત થઈને રામ-લક્ષ્મણને પૂછયા વિના વૈરાગ્ય માટે ઉઠયા, જેવી રીતે આગળ ભરત ચક્રવર્તી ઊઠયા હતા. તે મનોહર ચાલના ચાલનહારા, મુનિરાજ પાસે શીઘ્ર જવા માટે તૈયાર થયા, ત્યારે અત્યંત પ્રેમથી લક્ષ્મણે રોકયાં, ભરતના હાથ પકડીને ઊભા રહ્યા. તે જ સમયે માતા કૈકેઈ આઁસૂ સારતી આવી તથા રામની આજ્ઞાથી બન્ને ભાઈની રાણીઓ આવી કે જેનું રૂપ લક્ષ્મી સમાન છે તથા પવન જેવી ચંચળ તથા કમળ સમાન નેત્ર છે તે આવીને ભરતને સમજાવવા લાગી. ત્યાર બાદ સીતા, ઉર્વશી, ભાનુમતી, વિશલ્યા, સુંદરી, રત્નવતી, લક્ષ્મી, ગુણમતી, બંધુમતી, સુભદ્રા, કુવેરા, નલકુવરા, કલ્યાણમાલા, ચંદ્રિણી, મદમાનસોત્સવા, મનોરમા, પ્રિયનંદા, ચન્દ્રકાંતા, કલાવતી, રત્નસ્થલી, શ્રીકાન્તા, સરસ્વતી, ગુણસાગરી, પદ્માવતી, ઈત્યાદિ બધી રાણીઓ આવી, જેમના ગુણો તેમ જ રૂપના વર્ણન કર્યા ન જાય, મોટા કુળોમાં ઉપજેલી જેમનું રૂપ મનને મોહિત કરવાવાળું દિવ્યવસ્ત્ર તથા આભૂષણ પહેરીને સત્યવાદીની, શીલવન્તી, પુણ્યની ભૂમિકા, સમસ્ત કળામાં નિપુણ ભરતની ચારો તરફ ઊભી, માનો ચારે તરફ કમળના ફૂલ ખીલી રહ્યાં હોય. ભરતનું મન રાજ્યસંપદામાં લગાડવા પ્રયત્ન કરે છે. તથા અતિ આદરથી ભરતને મનોહર વચન કહેવા લાગી—હે દેવર! અમારું કહેવું માનો, કૃપા કરી આજે સરોવરમાં જળ-ક્રીડા કરવા ચાલો, તથા ચિંતાને દૂર કરો તથા તમારા ભાઈઓને દુઃખ ન થાય એમ તથા તમારી માતાને દુઃખ ન થાય એમ કરો. તથા અમે તમારી ભાભી છીએ તો અમારી વિનંતી સ્વીકાર કરો. તમે વિવેક, વિનયવાન છો એવું કહીને ભરતને સરોવર પર લઈ ગઈ. ભરતનું ચિત્ત જળક્રીડાથી વિરક્ત હતું, તેઓ સરોવરના કાંઠે ઊભા એવા શોભતા હતા કે જાણે ગિરિરાજ જ હોય. રાણીઓ અનેક પ્રકારની જળક્રીડા કરવા લાગી ત્યારે ઉત્તમ ચેષ્ટાના ધારક તે ભરત નિર્મળ જળ વડે સ્નાન કરીને સરોવરના કાંઠે આવેલા જિનમંદિરમાં જઈને ભગવાનની પૂજા કરવા લાગ્યા. તે પછી તુરત દીક્ષિત થઈને કેવળજ્ઞાન પામે છે. (શ્રી પદ્મપુરાણમાંથી) * * *

—o—

## —કહાન ગુરુ મંગલમ્—

"પર્યાયમાં વર્તતો એક સમયનો વિકાર અમંગલ છે, અને તેમના ફળ અનન્ત અમંગલ છે, તોપણ મંગલદ્રવ્યના લક્ષથી, એવા અનન્ત અમંગલનું કારણ એક સમયમાં નાશ થઈ શકે છે એટલે કે અનંત મંગલ પ્રગટ થઈ શકે છે."

૪૫ વર્ષ સુધી એવા મંગલ દ્રવ્યની મંગલ સિંહ ગર્જના કરનાર મંગલ સંત મંગલ મૂર્તિ સત્પુરુષ શ્રી કાનજી સ્વામી જયવંત હો!

જેમના દ્રવ્ય મંગલ હતા, ક્ષેત્ર મંગલ હતા, કાળ મંગલ હતા, ભાવ મંગલ હતા, પૂર્વભવ મંગલ હતા, વર્તમાન ભવ મંગલ હતા અને આગામી ભવ પણ મંગલ છે.

જેમના દર્શન મંગલ હતા, જ્ઞાન મંગલ હતા, ચારિત્ર મંગલ હતા, વ્યક્તિત્વ મંગલ હતા, દૈનિક જીવન મંગલ હતા, ધર્મ મંગલ હતા, યુગ મંગલ હતા અને શાસન મંગલ હતા.

જેમના પ્રવાસ મંગલ હતા, મહોત્સવ મંગલ હતા, ન્યાય મંગલ હતા, કાર્ય મંગલ હતા અને જેમના ફળ મંગલ હતા.

જેમની વાણી મંગલ હતી, ભક્તિ મંગલ હતી, અનુભૂતિ મંગલ હતી, કાયા મંગલ હતી, છાયા મંગલ હતી, પ્રતિભા મંગલ હતી, પ્રભાવના મંગલ હતી, અને યાત્રાઓ મંગલ હતી.

એવા મંગલ પુરુષ પૂજ્ય કહાન ગુરુદેવશ્રીની ૯૩ મી મંગલ જન્મ જયંતી પ્રસંગે તેમના મંગલ ચરણ કમલમાં અત્યંત ભક્તિથી કોટિ-કોટિ વન્દન!

મહેશચંદ્ર જૈન, પિપલાની, ભોપાલ

[ નોંધઃ—જન્મજયંતીના અંકમાં સ્થળસંકોચના કારણે સમાવેશ કરી શકાયેલ નહિ તેથી આ અંકમાં આપવામાં આવેલ છે.]

---

પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૦૦૮ વચનામૃતોના સંગ્રહરૂપે પ્રકાશિત થયેલ "પરમાગમસાર" પુસ્તક પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૫-૪૫ વર્ષના આધ્યાત્મિક સદુપદેશના નીચોડરૂપ હોઈને દરેક મંડળોમાં શાસ્ત્ર-સ્વાધ્યાય માટે વસાવવા જેવું પુસ્તક છે. દરેક મંડળે રોજ સભામાં શાસ્ત્ર-વાંચનમાં પણ આ પુસ્તક શરૂ કરવા જેવું છે.

# શ્રી કાન ગુરુ જાતે રહે ?

જિસને બતાયા જગત કો ભગવાન હૈં સબ આત્મા।
હૈં અનન્તે ગુણોં કે ગોદામ યે સબ આત્મા॥
જાનકર પહિચાનકર નિજ મેં જમેં જો આત્મા।
વે ભવ્યજન બન જાયેંગે પર્યાય મેં પરમાત્મા॥ ૧॥

જિસને બતાયા જગત કો ક્રમબદ્ધ હૈ સબ પરિણમન।
પરદ્રવ્ય સે હૈ પૃથક્ પર હર દ્રવ્ય અપને મેં મગન॥
સ્વાધીન હૈ પ્રત્યેક જન સ્વાધીન હૈ પ્રત્યેક કન।
ગુરુ કાન કા સન્દેશ ધરલો કાન જગ કે ભવ્યજન॥ ૨॥

જો એક શુદ્ધ સદા અરૂપી આત્મગુણ ગાતે રહે।
પર્યાય સે ભી અન્ય જો નિજ દ્રવ્ય સમઝાતે રહે॥
ગુણ-ભેદ સે ભી ભિન્ન જો નિજ આત્મા ધ્યાતે રહે।
વે ભવ્ય-પંકજ-ભાસ્કર શ્રી કાન ગુરુ જાતે રહે॥ ૩॥

ઉનકા બતાયા તત્ત્વ જગ મેં આજ ભી જબ ગૂઁજતા।
ગુરુ-ગર્જનાયુત વદન મન મેં આજ ભી જબ ઘૂમતા॥
પ્રત્યેક દિન વે આજ તક જબ સ્વપ્ન મેં આતે રહે।
તબ કૌન કહતા ઇસ હૃદય સે કાન ગુરુ ગુરુ જાતે રહે॥ ૪॥

—ડૉ૦ હુકમચન્દ ભારિલ્લ

[ નોંધ:—ગતાંકમાં સ્થળસંકોચના કારણે સમાવેશ કરી શકાયેલ નહિ તેથી આ અંકમાં આપવામાં આવેલ છે. ]

## આગામી નવું પ્રકાશન

## વચનામૃત-પ્રવચન પ્રેસમાં

[ 'બહેનશ્રીનાં વચનામૃત' પર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢ મધ્યે જે તલસ્પર્શી પ્રવચનો આપેલાં, તેની સંખ્યા ૧૮૧ છે. તે પ્રવચનો શ્રી સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ—ભાવનગર—તરફથી ચાર ભાગમાં પ્રકાશિત થશે. આ 'વચનામૃત-પ્રવચન'નો પહેલો ભાગ પૂજ્ય બહેનશ્રીની ૬૯ મી જન્મજયંતી—શ્રાવણ વદ બીજ—ના ઉત્સવ પ્રસંગે પ્રકાશિત થવાની સંભાવના છે. ]

—૦—

## ૯૩ મી જન્મજયંતી મહોત્સવની ખુશાલીમાં દાતાઓ તરફથી જાહેર થયેલી દાનરાશિ

| રૂપિયા | | નામ |
|---|---|---|
| ૯૩૯૩ | (૧૦૧ × ૯૩) | ચિ. સુહાસ પેઠે. દાદર–મુંબઈ |
| ૩૦૬૯ | (૩૩ × ૯૩) | શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ દહેગામવાલા |
| ૧૯૫૩ | (૨૧ × ૧૩) | શ્રી નાનાલાલ કાળીદાસ જસાણી પરિવાર |
| ૧૦૨૩ | (૧૧ × ૯૩) | સ્વ. મગનલાલ જીવણલાલ પરિવાર |
| ૧૦૨૩ | ,, | શ્રી રાજકોટ દિ. જૈન સંઘ |
| ૧૦૨૩ | ,, | ,, મનહરલાલ ભીખાલાલ |
| ૧૦૨૩ | ,, | ,, દાદર દિ. જૈન મુમુક્ષુ મંડળ |
| ૧૦૨૩ | ,, | ,, ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ |
| ૧૦૨૩ | ,, | ,, ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ |
| ૧૦૨૩ | ,, | ,, માંગલીક હસમુખલાલ ગાંધી ભાવનગર |
| ૧૦૨૩ | ,, | ,, પોપટલાલ મોહનલાલ વોરા મુંબઈ |
| ૧૦૨૩ | ,, | ,, મંગળાબેન કેશવલાલ શાહ જલગાંવ |
| ૧૫૦૦ | | મદ્રાસ દિ. જૈન મુમુક્ષુ મંડળ |
| ૪૬૫ | (૫ × ૯૩) | પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી સોનગઢ |
| ૪૬૫ | ,, | શ્રી શાંતિલાલ તથા કાંતીલાલ જોડીયાવાલા |
| ૪૬૫ | ,, | ,, ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી રાજકોટ |
| ૪૬૫ | ,, | ,, ચીમનલાલ છોટાલાલ ઝોબાલિયા તથા પરિવાર મુંબઈ |
| ૪૬૫ | ,, | ,, હીરાલાલજી જૈન ભાવનગર |
| ૪૬૫ | ,, | ,, વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ |

| રૂપિયા | | નામ |
|---|---|---|
| ૪૬૫ | (૫ × ૯૩) | શ્રી અંજવાળીબેન શાંતીલાલ કસ્તુરચંદ ઝોબાલીયા મુંબઈ |
| ૪૬૫ | ,, | ,, ચિમનલાલ ઠાકરસી મોદી, ગીરધરલાલ ઠાકરસી મોદી મલાડ |
| ૪૬૫ | ,, | ,, મનસુખલાલ છોટાલાલ જોબાલીયા મુંબઈ |
| ૭૫૦ | | ,, વૃજલાલ જગજીવન પારેખ મુંબઈ |
| ૪૬૫ | (૫ × ૯૩) | શ્રી રતિલાલ જેચંદ દોશી પરિવાર પાર્લા |
| ૪૬૫ | ,, | ,, પ્રાણજીવન હરજીવનદાસ પોરબંદરવાલા |
| ૪૬૫ | ,, | કાંતાબેન અનોપચંદ ખારા રાંચી |
| ૪૬૫ | ,, | વારીયા સુંદરજી વીરજી જામનગર |
| ૪૬૫ | ,, | ચંદુલાલ મોહનલાલ સુરેન્દ્રનગર |
| ૪૬૫ | ,, | ધીરજબેન મનુભાઈ ખારા સંબલપુર |
| ૨૭૯ | (૩ × ૯૩) | શ્રી હિંમતલાલ હરગોવિંદદાસ શાહ તથા બ્ર. માલતીબેન ભાવનગર |
| ૨૭૯ | ,, | ,, છોટાલાલ ડામરસી ધ્રાંગધ્રાવાળા |
| ૨૭૯ | ,, | ,, ભોગીલાલ ચત્રભુજ દોશી ઘાટકોપર |
| ૨૭૯ | ,, | ,, શાંતીલાલ ચુનીલાલ ખાટડીયા સાયન |
| ૨૭૯ | ,, | ,, વિમળાબેન સારાભાઈ દાદર |
| ૨૭૯ | ,, | ,, સમરતબેન ખારા સંબલપુર |
| ૧૮૬ | (૨ × ૯૩) | શ્રી બાબુભાઈ માણેકલાલ ખાર |
| ૧૮૬ | ,, | ,, અંબાલાલ કેશવજી શાહ દેહગાંવ |

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૧૮૬ | (૨×૯૩) શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ | સોનગઢ |
| ૧૮૬ | ,, ,, છોટાલાલ રાયચંદ ખંધાર | સોનગઢ |
| ૧૮૬ | ,, ,, કેશવલાલ વ્રજલાલ કોઠારી | મુંબઈ |
| ૧૮૬ | ,, ,, લલીતાબેન જયંતીલાલ | |
| ૧૮૬ | ,, ,, ફુલચંદજી ઝાંઝરી | ઉજ્જૈન |
| ૧૮૬ | ,, ,, મીઠાલાલ મગનલાલ દોશી | હિંમતનગર |
| ૧૮૬ | ,, ,, ગીરીશ ચંદ્રકાન્ત દોશી | મુંબઈ |
| ૧૮૬ | ,, ,, નૌતમલાલ હરીલાલ દોશી | ,, |
| ૧૮૬ | ,, ,, પ્રવીણચંદ્ર હરીલાલ દોશી | એંગલોર |
| ૧૮૬ | ,, ,, ભોગીલાલ લાલચંદ શેઠ | મલાડ |
| ૧૮૬ | ,, ,, નાથાલાલ લીલાધર શેઠ | |
| ૧૮૬ | ,, ,, જયંતીલાલ મણીલાલ | ભાવનગર |
| ૧૮૬ | ,, ,, જયાબેન છબીલદાસ વારીયા | મહુવા |
| ૧૮૬ | ,, ,, જીજીબેન બેચરદાસ મોદી હા. મોહનલાલ બેચરદાસ મોદી | ઘાટકોપર |
| ૧૮૬ | ,, ,, અમદાવાદ દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ | અમદાવાદ |
| ૧૮૬ | ,, શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ તથા હિંમતલાલ જેઠાલાલ શાહ | સોનગઢ |
| ૧૮૬ | ,, ,, શાંતાબેન ગુલાબચંદ ટોળીઆ | સોનગઢ |
| ૧૮૬ | ,, ,, ધીરજલાલ ફુલચંદ તંબોળી | ભાવનગર |
| ૧૮૬ | ,, ,, કસુંબાબેન મુળજીભાઈ લાખાણી | રાજકોટ |
| ૧૮૬ | ,, ,, સ્વ. અમૃતલાલ કાળીદાસ મેઘાણી | મલાડ |
| ૧૮૬ | ,, ,, ચંદુલાલ ઠાકરસી | રાજકોટ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૮૬ | (૨×૯૩) શ્રી શાંતીલાલ દેવશીભાઈ |
| ૧૮૬૦૦ | (૧×૯૩) ની આવેલ રકમનો સરવાળો |
| ૫૫૮ | જમશેદપુર મુમુક્ષુ મંડળ તરફથી ૯૩ મી જન્મજયંતી |
| ૨૩૨-૫૦ | શ્રી જીજીબેન બેચરદાસ મોદી હા. મોહનભાઈ |
| ૧૫૨-૫૦ | ,, કેશવલાલ વ્રજલાલ કોઠારી |
| ૧૬૨-૫૦ | ,, છોટાલાલ કેશવજી |
| ૧૨૭-૫૦ | ,, શાંતીલાલ કસ્તુરચંદ જોબાલીયા |
| ૩૧૨-૫૦ | ,, નૌતમલાલ હરીલાલ દોશી |
| ૧૨૭-૫૦ | ,, કૌસીક હિંમતલાલ |
| ૧૨૭-૫૦ | ,, મંગળદાસ શિવલાલ |
| ૨૨૭-૫૦ | ,, બીપીનચંદ્ર વિનોદરાય |
| ૧૦૨-૫૦ | ,, ઓધવજી હરજીવન ગોસલીયા |
| ૧૭૭-૫૦ | ,, ચંદુલાલ વિક્રમસી સંઘવી રાજકોટ |
| ૧૦૨-૫૦ | ,, ગોડીદાસ ભીમાજી જામનગર |
| ૩૦૦૧-૦૦ | ,, આફ્રિકાવાળા વેલજી મેઘજી તરફથી પૂ. ગુરુદેવના ફોટાને મોટરમાં બિરાજમાન કરીને પ્રભાતફેરીમાં ફરવાની ખુશાલીમાં |
| ૫૦૦૧-૦૦ | શ્રી કેશવલાલ વૃજલાલ કોઠારી મુંબઈ ૯૩ મી જન્મ જયંતિ મહોત્સવના વૈશાખ સુદ બીજના એક ટંકના જમણના |
| ૫૦૦૧-૦૦ | શ્રી કાંતિલાલ રામજીભાઈ મોટાણી મુંબઈ ૯૩ મી જન્મ જયંતિ વૈશાખ સુદ બીજના એક ટંકના જમણના |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦૦૧-૦૦ | શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંક જમણના |
| ૨૦૦૧-૦૦ | શ્રી વૃજલાલ મગનલાલ જલગાંવવાળા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંક જમણના |
| ૨૦૦૧-૦૦ | સ્વ. શ્રી લહેરીબેન ભાયલાલભાઈ બરવાળાવાળા ૯૩ મી જન્મ જયંતીના એક ટંક જમણના |
| ૨૦૦૧-૦૦ | લીલાબેન ધીરજલાલ બોરડીયા મુંબઈ ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંક જમણના |
| ૨૦૦૧-૦૦ | શ્રી પોપટલાલ છગનલાલ શાહ લીંબડીવાળા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંક જમણના |
| ૨૦૦૧-૦૦ | શ્રી ત્રંબકલાલ ઘડીયાળી તથા શારદાબેન રમણીકલાલ સુરેન્દ્રનગરવાળા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવ એક ટંક જમણના |

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦૦૧-૦૦ | શ્રી તારાબેન કપૂરચંદ કોઠારી નંદરબારવાળા તથા ચંપાબેન ગોસળીયા ચૂડાવાળા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંકના જમણના |
| ૨૦૦૧-૦૦ | શ્રી જયાલક્ષ્મી હરીલાલ પારેખ પાલનપુરવાળા ૯૩ મી જન્મ જયંતી મહોત્સવના એક ટંક જમણના |
| ૧૫૦૧-૦૦ | શ્રી જીજીબેન બેચરદાસ મોદી હ. મોહનલાલ બેચરદાસ મોદી (ઘાટકોપર) મંડળનું એક ટંકનું જમણ વૈશાખ સુદ એકમ |
| ૧૫૦૧-૦૦ | શ્રી શારદાબેન ભોગીલાલ ચત્રભુજ દોશી (ઘાટકોપર) મંડળનું એક ટંકનું જમણ |

* * *

## શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટનાવિવિધ દાનખાતાઓ માટે દાતાર તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિઃ—

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી સ્મીતાકુમારી દીપકકુમાર | મુંબઈ |
| ૧૦૧ | ડૉ પ્રફુલભાઈ બી. ટોળીઆ | અમરેલી |
| ૨૫૧ | દોશી અમૃતલાલ જેચંદભાઈ | |
| ૨૫૧ | શ્રી ફુલચંદ ઘાસીરામ | ખાતેગાંવ |
| ૨૦૧ | સ્વ. શ્રી માણેકચંદ વેલસી | પાટીવાલા |
| ૨૫૧ | શ્રી રમણીકલાલ વીરચંદ મોટાણી | કલકત્તા |

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૨૦૧ | સમરતબેન હરખચંદ મહેતા | મોરબીવાળા |
| ૫૦૧ | મેસર્સ સ્વરૂપ ખારા | સંબલપુરવાળા |
| ૨૦૧ | શ્રી જયાબેન વારીયા | મહુવાવાળા |
| ૨૦૧ | ,, જડાવબેન નાનાલાલ જસાણી | |
| ૧૫૧ | એક મુમુક્ષુબેન તરફથી | |
| ૫૦૧ | શ્રી શાંતિલાલ ઠાકરશી શાહ ઘાટકોપર | મુંબઈ |

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૫૦૧ | ,, હીરાલાલ ભીખાભાઈ શાહ | દહેગામ |
| ૬૦૧ | ,, ત્ર્યંબકલાલ કલ્યાણજી શાહ | |
| ૧૦૦ | ,, જ્યોત્સનાબેન | મુંબઈ |
| ૨૦૧ | ,, વિભાબેન તથા ડૉ. ગૌતમના શુભ લગ્ન પ્રસંગે કાયમી પૂજા | |
| ૨૫૧ | ,, ધારસીભાઈ જટાશંકર | |
| ૧૦૧ | ,, ખીમચંદભાઈ છોટાલાલ | સોનગઢ |
| ૧૨૫ | ,, રમણીકલાલ વીરચંદ મોટાણી | કલકત્તા |
| ૭૬૧ | ,, મનહરલાલ મગનલાલ પારેખ | સોનગઢ |
| ૪૦૨-૫૦ | શ્રી પ્રફુલચંદ્ર ભગવાનજી સંઘવી | |
| ૧૨૭-૫૦ | ,, હર્ષાબેન વૃજલાલ શાહ | સોનગઢ |
| ૨૪૦ | ,, રસીકલાલ વીક્રમચંદ સંઘવી | કલકત્તા |
| ૧૨૭-૫૦ | ,, ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા | મલાડ |
| ૧૫૨-૫૦ | ,, વીરચંદભાઈ માલદે | સોનગઢ |
| ૨૫૨-૫૦ | ,, શૈલેસકુમાર હીંમતભાઈ ડગલી | મુંબઈ |
| ૭૮૦ | સુમિત્રાબેન ભાઈલાલભાઈ | મદ્રાસવાળા |
| ૪૦૨-૫૦ | છબલબેન ફુલચંદ તંબોળી | સોનગઢ |
| ૧૨૫ | કાંતાબેન અનોપચંદ ખારા | રાંચી |
| ૧૨૫ | પુષ્પાબેન મનસુખલાલ દોશી | મુંબઈ |
| ૧૬૨-૫૦ | બ્ર. નિર્મળાબેન પોપટલાલ શાહ | લીંબડી |
| ૧૫૨-૫૦ | વસુબેન ચીમનલાલ મણીયાર | મુંબઈ |
| ૧૦૦૫ | શ્રી નારણદાસ કરશનજી રાણપુરવાળા ( હાલ સુરેન્દ્રનગર ) તરફથી પ્રશમમૂર્ત પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ખુશાલીમાં. | |

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૧૧૦૦૩ | પાલનપુરના કેટલા ભાઈ-બહેનોને પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શનનો, અમૃતવાણીના શ્રવણ આદિનો લાભ મળવાની ખુશાલીમાં રૂા. ૬૦૦૧ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના પ્રકાશન ખાતે, રૂા. ૪૦૦૧ શ્રી નંદીશ્વર જિનાલય ખાતે તથા રૂા. ૧૦૦૧ શ્રી સમાધિમંદિર ખાતે જાહેર કરવામાં આવેલ છે. | |
| ૨૦૧ | સ્વ. શ્રી મણિબેન હીરાચંદ માસ્તરના સ્મારણાર્થે | પોલારપુર |
| ૫૦૧ | શ્રી અશોકભાઈ મલકાપુરવાળા તરફથી | |
| ૨૦૧ | ,, ચંદુલાલ વૃંદાવનદાસ | મુંબઈ |
| ૧૦૧ | ,, કનુભાઈ ન્યાલચંદ | મુંબઈ |
| ૧૦૧ | ,, મનહરલાલ વાડીલાલ મહેતા | |
| ૧૦૧ | ,, ફુલચંદ વિમલચંદ ઝાંઝરી | ઉજ્જૈન |
| ૭૦૨ | ,, કાંતિલાલ લલુભાઈ મહેતા | ભાવનગરવાળા |
| ૧૦૦૧ | અષ્ટાહ્નિકાપૂજા, શ્રી રતિલાલ પ્રાગજીભાઈ તથા પ્રાગજીભાઈ મહેતા | ઉમરાળાવાળા |
| ૨૦૧ | રસીકલાલ સુખલાલ | |
| ૨૦૧ | શ્રી ગોસળીયા ઓધવજી હરજીવન | ગઢડાવાળા |
| ૨૦૧ | ,, મુલકચંદ છોટાલાલ ઝોબાળીયા | સોનગઢ |
| ૨૦૧ | ,, અમૃતલાલ ચત્રભૂજ કોઠારી | |
| ૨૦૧ | સ્વ. શ્રી પ્રફુલભાઈ પ્રભુદાસ મહેતા | |
| ૨૦૧ | સ્વ. શ્રી દલીચંદ કસળચંદ ગાંધી | મલાડ ( મુંબઈ ) |

| રૂપિયા | નામ | |
|---|---|---|
| ૨૫૧ | શ્રી રતિલાલ મોહનલાલ ધીયા ધર્મવાત્સલ્ય ફંડ ખાતે | રાજકોટ |
| ૨૫૧ | મોહનલાલ મગનલાલ ટ્રસ્ટ ધર્મવાત્સલ્ય ફંડ ખાતે | રાજકોટ |
| ૨૦૨ | શ્રી મનસુખલાલ લાલચંદ મહેતા | |
| ૧૦૧ | ,, ચુનીલાલ ઝવેરચંદ અજમેરા | વિંછીયા |
| ૩૦૦૧ | પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રીના ચરણે વૈશાખ સુદ બીજના જન્મ જયંતી દિવસે આવેલ રકમ<br>૨૦૦૧ નંદીશ્વર જિનાલય ખાતે<br>૧૦૦૧ શ્રી સમાધિ મંદિર ખાતે | |
| ૨૦૧ | સ્વ. શ્રી મગનલાલ કુલચંદ મહેતા | રાંદેરવાળા |
| ૭૦૨ | શ્રી મુક્તાબેન કાંતિલાલ શાહ સોનગઢવાળા પૂ. બેનશ્રીને સોનાની રાખડી બાંધી તેની ખુશાલીમાં | |
| ૧૦૦૫ | પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂ. બેનશ્રી ચંપાબેન તરફથી ભગવાન શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણકના વાર્ષિક દીપોત્સવી ઉત્સવના પાંચ દિવસની કાયમી પૂજા | |
| ૧૦૦૫ | કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી શ્રી ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણકના વાર્ષિક દીપોત્સવી ઉત્સવના પાંચ દિવસની કાયમી પૂજાના | |
| ૨૦૧ | પૂ. મણીબાની વાર્ષિક તિથિ નિમિત્તે કાયમી પૂજાના | |

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૧ | શ્રી ચંપાબેન જયંતિલાલ કામદાર મદ્રાસવાળા |
| ૫૦૧ | શ્રી હીરાલાલ ધીરજલાલ દેસાઈ |
| ૨૦૧ | ,, ચંદ્રકાંત ધીરજલાલ દેશાઈ |
| ૨૦૧ | ,, બીપીનચંદ્ર ચંદ્રકાંત દેશાઈ ( અમેરીકા જવા નિમિત્તે ) |
| ૫૦૧ | દેવશીભાઈ રાયસી શાહ લંડનવાળા કહાન રાહત ટ્રસ્ટ ખાતે |
| ૧૦૦૨ | શ્રી હેમકુંવરબેન વૃજલાલ ગાંધીના પરિવાર તરફથી |
| ૭૦૧ | સ્વ. શ્રી શારદાબેન મગનલાલ મહેતા |
| ૯૦૩ | રાણપુરવાળા એક બહેન તરફથી |
| ૧૦૧ | શ્રી બાબુલાલ નાનજીભાઈ ઘાટકોપર |
| ૮૦૪ | શ્રી પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બેનશ્રી ચંપાબેન સોનગઢ કાયમી પૂજા–૪ કારતક સુદ ૧૨, માગશર વદ ૮, ચૈત્ર સુદ ૧૦, વૈશાખ વદ ૬. |
| ૧૦૦૫ | શ્રી કેટલાક બ્રહ્મચારી બહેનો સોનગઢ કાયમી પૂજા ૫, કારતક શુદ–૧૨, માગશર વદ ૮, ચૈત્ર શુદ ૧૦, વૈશાખ વદ ૬, વૈશાખ વદ ૮, |
| ૧૫૧ | શ્રી સ્વ. શ્રી દોલતભાઈ અમૃતલાલ હસ્તે : રાજેન્દ્રભાઈ સાંતાક્રુઝ મુંબઈ |

[ વધુ આવતા અંકે ]

**શ્રી કાનજી સ્વામી દિગંબર જૈન વિશ્રાંતિગૃહ સોનગઢ ખાતે ચીજો વસાવવાની યોજના:—**

ઉપરોક્ત નવી ધર્મશાળામાં પલંગ-૨, ગાદલા-૨, રજાઈ-૨, ઓશિકા-૨, ચાદર-૨, ઇલેકટ્રીક શિલીંગ ફેન-૧ વસાવવા રૂા. ૧૫૦૧ ની રકમ દાન તરીકે લેવાની એક યોજનાં કરેલ છે. તેમાં નીચેના મુમુક્ષુ ભાઈઓ તરફથી દાનની જાહેરાત થએલ છે.

૧૫૦૧ શ્રી ચીમનલાલ હિંમતલાલ શાહ મુંબઈ
૧૫૦૧ શ્રી શાંતીલાલ કસ્તુરચંદ જોબાલીયા ,,
હ. શ્રી જયંતિભાઈ
૧૫૦૧ શ્રી શાંતીલાલ ચીમનલાલ ઝવેરી ,,
૧૫૦૧ શ્રી બલુભાઈ ચુનીલાલ શાહ ,,
૧૫૦૧ શ્રી કાન્તીલાલ રામજીભાઈ મોટાણી ,,
૧૫૦૧ શ્રી ધીરૂભાઈ ફુલચંદ તંબોળી ભાવનગર

—ટ્રસ્ટીઓ, વિશ્રાન્તિગૃહ, સોનગઢ

**શ્રી જૈન અતિથિ સેવા સમિતિ ખાતે સ્ટીલના વાસણોના સેટની યોજના:-**

શ્રી મલુકચંદ છોટાલાલ ઝોબાળિયા ટ્રસ્ટ સંચાલિત શ્રી કહાન ભોજનાલયની વ્યવસ્થા તેમજ ભોજન સંતોષકાર હોવાથી વધુ ને વધુ મહેમાનો તેનો લાભ લઈ રહ્યા છે. આ વ્યવસ્થા વધુ સગવડતાદાયી બનાવવા માટે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ માટે સ્ટીલના વાસણોના વધુ સેટ વસાવવાની એક યોજના નક્કી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રૂપિયા ૮૦/= આપનાર દાતાર તરફથી સ્ટીલના વાસણનો એક સેટ શ્રી જૈન અતિથિ સેવા સમિતિ ખાતે વસાવવામાં આવશે.

**ઉપરોક્ત યોજના જાહેર થતાં નીચે મુજબના સેટ નોંધાયા છે.**

૧૧ સેટ શ્રી પોપટલાલ મોહનલાલ વોરા, હસ્તે શ્રી હસમુખભાઈ તરફથી
૧૧ ,, ,, વૃજલાલ મગનલાલ શાહ, જલગાંવ તરફથી
૧૧ ,, ,, કાંતિલાલ અમીચંદભાઈ કામદાર મદ્રાસ તરફથી
૫ ,, ,, રતીલાલ પ્રાગજી મહેતા હસ્તે જયસુખભાઈ
૨ ,, ,, દીનેશચંદ્ર અમૃતલાલ મેઘાણી, મલાડ તરફથી
૧ ,, ,, ગંગાબેન માણેકલાલ વોરા, ધ્રાંગધ્રા તરફથી
૧ ,, ,, માણેકલાલ છગનલાલ વોરા, ધ્રાંગધ્રા તરફથી
૧ ,, ,, કેશવલાલ કસ્તુરચંદ ભડકવાવાળા તરફથી
૧ ,, ,, છબલબેન કેશવલાલ ભડકવાવાળા તરફથી

આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા દાતાઓએ શ્રી જૈન અતિથિ સેવા સમિતિને લખવું.

—૦—

## વૈરાગ્ય સમાચાર:—

* મલાડનિવાસી શાહ કાંતિલાલ શીવલાલ ફતેપુરવાળા (વર્ષ–૫૩) હાર્ટફેઈલ થવાથી તા. ૧૫–૫–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી અજમેરા કાંતિલાલ લાલચંદ અડતાળાવાળા (વર્ષ–૪૧) હાર્ટફેઈલ થવાથી તા. ૨૨–૫–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી મહેતા નેમચંદ કસ્તૂરચંદ (વર્ષ–૭૭) તા. ૩૦–૫–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી સ્વ. વકીલ શ્રી શીવલાલ દેવચંદભાઈ દોશીના ધર્મપત્ની શ્રી નવલબેન (વર્ષ–૮૨) તા. ૩–૬–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી નાનચંદભાઈ કરશનદાસ મહેતા (વર્ષ–૭૦ લગભગ) તા. ૪–૬–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટવાળા શ્રી રવિચંદભાઈ વાઘજીભાઈ મહેતા (વર્ષ–૭૦ લગભગ) જેઠ વદ ૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીવાળા શ્રી કાંતીલાલ પ્રેમચંદ ઘડીયાળી (વર્ષ–૭૦ લગભગ) સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.


## * આજીવન સભ્ય બનો *

આત્મધર્મના કુલ ૩૦૦૦ ગ્રાહકો છે જેમાં ૧૮૦૦ ગ્રાહકો આજીવન સભ્ય છે. બાકીના ૧૨૦૦ વાર્ષિક લવાજમ ભરતાં ગ્રાહકો છે, તેમને ખાસ ભલામણ છે કે તેઓ પણ આત્મધર્મના આજીવન સભ્ય બનીને સંસ્થાને વ્યવસ્થાકાર્યમાં સહાયક બને.

[નોંધ-વાર્ષિક લવાજમ રૂપિયા ત્રણ હતું તે વખતે પણ આજીવનસભ્ય ફી રૂા. ૧૦૧/= હતી અને વાર્ષિક લવાજમ રૂપિયા નવ છે ત્યારે પણ આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/= જ છે. પરંતુ વ્યવસ્થાકાર્યની સરળતા માટે આપ આજીવન સભ્ય બનો તે જરૂરી છે.]

* * *

ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મકાર્યમાં લક્ષ્મી વગેરે ખરચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતાં નથી તે બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે, એવા જીવોને ધર્મનો વિવેક નથી. ધર્મકાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને ધર્મની પ્રીતિ છે. તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. —પૂજ્ય ગુરુદેવ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. અર્હન્ત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા અને જ્ઞાનમાં જે પુરુષ અત્યંત ભક્તિ રાખે છે તેને ઘણા જ પુણ્યનો સંચય થાય છે, (પરંતુ) તે પુરુષ કર્મનો ક્ષય કરતો નથી અર્થાત્ તે પુરુષને આ કાર્યોથી શુભ ઉપયોગ ઉત્પન્ન થઈને પુણ્યાસ્રવ જ થાય છે. અર્હન્તાદિકની ભક્તિ મોક્ષને માટે કારણ થતી નથી કારણ કે આ કાર્યોથી શુદ્ધોપયોગ થતો નથી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–પંચાચાર અધિકાર, ગાથા–૬૨)

૨. હે જિનેન્દ્ર! આપનું શાસન એક તરફથી તો દુઃખથી છૂટવા માટેનો ઉદ્યમ કરાવે છે અને વળી બીજી તરફ પરાણે દુઃખનો ભાર વહેવડાવે છે અર્થાત્ તપશ્ચરણાદિ કષ્ટ સહન કરવાનો ઉપદેશ આપે છે—આવું, બીજાઓ જેની સાથે ઘર્ષણ ન કરી શકે એવું આપનું અજેય શાસન જગતમાં દુઃખના કારણોને પણ મૂળથી ઊખેડી નાખે છે.

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ સ્તુતિ-૮, શ્લોક–૨૨)

૩. સર્વથા નિત્યવાદી અને સર્વથા અનિત્યવાદી બન્ને જ મિથ્યાદષ્ટિ છે. પરંતુ જે પદાર્થોને નિત્યાનિત્ય માને છે તે મિથ્યાદષ્ટિ નથી એમ કહેવું યોગ્ય નથી. નિરપેક્ષ નિત્યાનિત્યવાદ પણ એકાંત નિત્યવાદ અને એકાંત અનિત્યવાદની જેમ મિથ્યા જ છે. કારણ કે અપેક્ષા વિના નિત્યાનિત્ય વસ્તુ માનવાથી સર્વ નયોનો ઘાત થાય છે. [ગ્રંથકાર આચાર્યદેવ આ ગાથામાં શું કહેવા માગે છે તે મુમુક્ષુએ ખાસ વિચારવા જેવું છે]

(શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસારસંગ્રહ, અધ્યાય-૪, ગાથા–૭૪)

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

| | | |
|---|---|---|
| ૧૬૬૦ | શ્રી રસિકલાલ એ. કામદાર | અમદાવાદ |
| ૧૬૬૧ | ,, જી. કે. વોરા | કલકત્તા |
| ૧૬૬૨ | ,, પ્રકાશ વાલજીભાઈ પરમાર | મુંબઈ |
| ૧૬૬૩ | ,, એમ. વી. શાહ | મોમ્બાસા |
| ૧૬૬૪ | ,, કુંજલતાબેન રસિકલાલ મહેતા | મુંબઈ |
| ૧૬૬૫ | ,, કિશોર પી. કામદાર | કલકત્તા |
| ૧૬૬૬ | ,, આદિનાથ દિગંબર જૈન મંદિર | રણાસણ |
| ૧૬૬૭ | ,, ડૉ. જીતેન્દ્ર એન. ગાંધી | ,, |
| ૧૬૬૮ | ,, જસવંતલાલ ચીમનલાલ શાહ | સોનાસણ |
| ૧૬૬૯ | ,, રમણીકલાલ રાયચંદ સલોત | મુંબઈ |
| ૧૬૭૦ | ,, મધુ બ્રધર્સ | કલકત્તા |
| ૧૬૭૧ | ,, જ્યોતિ ચંપકલાલ વોરા | ,, |
| ૧૬૭૨ | ,, છોટાલાલ દલીચંદ શાહ | ,, |
| ૧૬૭૩ | ,. મહાસુખલાલ રામજી શેઠ | ,, |
| ૧૬૭૪ | ,, ડાહ્યાલાલ ગુણવંતરાય કામદાર | ,, |
| ૧૬૭૫ | ,, ભારતકુમાર એન. ટીંબડીયા | ,, |
| ૧૬૭૬ | ,, મંગળાબેન લાલચંદ શેઠ | મુંબઈ |
| ૧૬૭૭ | ,, નાગજીભાઈ એલ. પટેલ | ,, |
| ૧૬૭૮ | ,, બીપીનચંદ હરીલાલ હોલીયા | ,, |
| ૧૬૭૯ | ,, હસમુખલાલ મગનલાલ શાહ | ,, |
| ૧૬૮૦ | ,, હેમંત રતીલાલ ડગલી | ,, |
| ૧૬૮૧ | ,, નલીનકુમાર હીંમતલાલ શાહ | ,, |
| ૧૬૮૨ | ,, મનસુખલાલ લાલચંદ મહેતા | ,, |
| ૧૬૮૩ | ,, શંભુભાઈ અરજણભાઈ | ,, |
| ૧૬૮૪ | ,, ધીરજલાલ મલુકચંદ કામદાર | ,, |
| ૧૬૮૫ | ,, ચંદુલાલ કચરાલાલ શાહ | ,, |
| ૧૬૮૬ | શ્રી મોતીલાલ ધનરાજ દોશી | મુંબઈ |
| ૧૬૮૭ | ,, રમણીકલાલ ઉજમશી દેસાઈ | ,, |
| ૧૬૮૮ | ,, પારસમલ ભેરૂજી સોની | ,, |
| ૧૬૮૯ | ,, સુનીલ લાલજી પાટની | ,, |
| ૧૬૯૦ | ,, દિગંબર જૈન યુવા ફેડરેશન | કોલારસ |
| ૧૬૯૧ | ,, રીષભકુમાર રમેશભાઈ શાહ | મુંબઈ |
| ૧૬૯૨ | ,, મોહનલાલ એ. મહેતા | કલકત્તા |
| ૧૬૯૩ | ,, કિરણચંદ ગાંડાલાલ શાહ | ગરબાદા |
| ૧૬૯૪ | ,, નાનાલાલ ટી. શાહ | ગોંડી |
| ૧૬૯૫ | ,, મનસુખલાલ કસ્તુરચંદ જૈન | વિછીંયા |
| ૧૬૯૬ | ,, હિંમતલાલ કસ્તુરચંદ ધોળકીયા | મુંબઈ |
| ૧૬૯૭ | ,, દિનેશકુમાર વેલજીભાઈ | ઉજ્જૈન |
| ૧૬૯૮ | ,, રમણીકલાલ શીવલાલ દોશી | લખતર |
| ૧૬૯૯ | ,, છગનલાલ માણેકચંદ બોટાદરા | વિંછીયા |
| ૧૭૦૦ | ,, ચંદુલાલ એચ. ધોળકીયા | મુંબઈ |
| ૧૭૦૧ | ,, મંજુલાકુમારી જૈન | તીખી |
| ૧૭૦૨ | ,, જેઠાલાલભાઈ એચ. દોશી | સિકંદરાબાદ |
| ૧૭૦૩ | ,, શાહ ચંદુલાલ ચુનીલાલ | તલોદ |
| ૧૭૦૪ | ,, વસંતબેન પ્રાણલાલ શાહ | મુંબઈ |
| ૧૭૦૫ | ,, ચંદુલાલ કેદરલાલ મહેતા | ફતેપુર મોટા |
| ૧૭૦૬ | ,, બાબુલાલ નાથાલાલ મહેતા | ,, |
| ૧૭૦૭ | ,, રજનીકાંત શાંતિલાલ શાહ | જલગાંવ |
| ૧૭૦૮ | ,, પ્રકાશચંદ એસ. શાહ | બોરસદ |
| ૧૭૦૯ | ,, પોપટલાલ સી. શાહ | જલગાંવ |
| ૧૭૧૦ | ,, શશીકાંતભાઈ એસ. મહેતા | મુંબઈ |

[ આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/- ] (ક્રમશઃ)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૦૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ. [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]